પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૪૬ • કુલ પાના : ૪ • તારીખ : ૧૩-૧૦-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com


પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પુતિનની સેના માટે કાળ બન્યા અલકાયદા અને હૂતિઓના અચુક હથિયાર

## યુક્રેનની સેનાએ જંગમાં સુપર પાવર કહેવામાં આવતા રશિયાની સેનાની નાકમાં દમ કરી દીધો છે

### રશિયા અને યુક્રેનની લડાઈ હવે તે મોરચા પર પહોંચી ચુકી છે જયાં હવે પરમાણુ હુમલાની ચર્ચા થઈ રહી છે





કીવ,

યુક્રેનની સેનાએ જંગમાં સુપર પાવર કહેવાતા રશિયાની સેનાની નાકમાં દમ કરી દીધો છે અને દેશના હજારો કિલોમીટરના વિસ્તારને રશિયાના કબજામાંથી મુકત કરાવી દીધો છે. યુક્રેનની સેના જમીનની સાથે દરિયામાં પણ તબાહી મચાવી રહ્યું છું અને ગત દિવસોમાં તેણે રશિયાની શાન રહેલ મોસ્કવા યુધ્ધપોતને દરિયામાં જ બરબાદ કરી દીધુ હતું આ દરમિયાન ખુલાસો થયો છે કે અત્યાધુનિક હથિયારો અને મિસાઈલોથી સજજ રશિયન સેનાને માત આપવા માટે યુક્રેનના સૈનિક અલકાયદા અને હુતી વિદ્રોહીઓવાળી જુગાડ પોતાની રહી છે.યુક્રેનના આ હથિયારોનું નામ છે વિસ્ફોટકોથી સજજ ડ્રોન જેને વાટરક્રોફટના સાધનોથી જોડીને બનાવવામાં આવ્યું છે.

ગત મહીને ક્રીમિયાની નજીક રશિયાના નૌસૈનિક અડ્ડા સેવાસ્તોપોલની પાસે કાળા સાગરમાં એક અજાણ્યા માનવરહિત વોટરક્રાફટ વહીને આવ્યું હતું રશિયાની સોશલ મીડિયામાં તેની તસવીર વાયરલ થઈ હતી તેમાં નજરે આવી રહ્યું હતું કે આ ખુબ નાના ડ્રોન છે જેને વોટરફોફટના સાધનોથી જોડીને બનાવવામાં આવ્યું હતું તેની અંદર મોટી માત્રામાં વિસ્ફોટક ભરેલ હતો આ ખુલાસા બાદ રશિયાએ પોતાના યુધ્ધ જહાજોને લગભગ ત્રણ સપ્તાહ સુધી બંદરગાહ પર જ રાખ્યા હતાં આ ડ્રોનને બનાવનારનો ખુલાસો કરવામાં આવ્યો નથી પરંતુ નેવલ ન્યુઝના જણાવ્યા અનુસાર તોની ખાસિયત અને રશિયાની પ્રતિક્રિયાને જોતા લાગી રહ્યું છે કે તોને યુક્રેને બનાવ્યા હતાં.

આ દરિયામાં ચાલનારા ડ્રોન શોકિયા ચલાવનારા વોટર જેટ જેવા સી ડૂથી બનાવવામાં આવ્યા છે સી ડૂ કંપની દુનિયાભરમાં વાટરજેટ વેચે છે. આથી આ સરળતાથી કયાંયથી પણ ખરીદી શકાય છે.આ રોટેકસના એન્જીનથી ચાલે છે અને તેની સ્પીડ ૭૦ મીલ પ્રતિકલાક હોય છે આ ડીઝલ અથવા ઈલેકટ્રોનિક બંન્ને જ બળતણથી ચાલે છે આ દરિયાઈ ડ્રોનમાં વિસ્ફોટની પધ્ધતિ ડ્રોન વિમાનોવાળી જ હોય છે તેમાં હવાઈ બોંબવાળા ફયુઝ લાગેલા હોય છે જેનો ઉપયોગ મોટા પાયા પર થાય છે આ ફયુઝ એક કેબલથી ડેટોનેટર અને વારહેડથી કનેકટ રહે છે.

અનુમાન અનુસાર આ ડ્રોનનો આગળનો ભાગં બારૂદથી ભરેલ હોય છે આ યુક્રેની સી ડ્રોનને સંભવત એલ્યુમિનિયમથી બનાવવામાં આવ્યો છે.દુનિયામાં યમનના હૂતી વિદ્રોહી અને અલકાયદા આતંકી આ રીતના દરિયાઈ ડ્રોનનો તાજેતરના વર્ષોમાં ઉપયોગ કરી ચુકયા છે.નેવલ ન્યુઝના રિપોર્ટ અનુસાર ઈરાનની સેનાએ સંભવત હુતી વિદ્રોહીઓને આ રીતના ધાતક ડ્રોનને બનાવવાની તાલિમ આપી છે વર્ષ ૨૦૧૭માં સાઉદી આરબના યુધ્ધ જહાજ અલ મદીનાહ પર હુતી વિદ્રોહીઓએ આ રીતના ડ્રોનથી હુમલો કર્યો હતો જેમાં બે નાવિકોના મત થયા હતાં અમેરિકી સેનાએ પણ આ હુમલાની પુષ્ટી કરી હતી.

દરમિયાન રશિયા અનો યુક્રેનની લડાઈ હવે તે મોરચા પર પહોંચી ચુકી છે જયાં હવે પરમાણુ હુમલાની ચર્ચા થઈ રહી છે. ક્રીમિયા બ્રિજ પર હુમલા બાદ નારાજ પુતિને યુક્રેન પર મિસાઈલો અને બોંબનો વરસાદ કર્યો છે.યુક્રેનના કીવ ખારકીવ જેવા શહેરોમાં પુતિને બોંબથી વરસાદ કરાવ્યો છે.કુટનીતિક વર્તુળો,લશ્કરી પ્રતિષ્ઠાનોમાં હવે એ વાતની ચર્ચા થઈ રહી છે કે પુતિન યુક્રેન પર ટેકિટકલ ન્યુકિલયર હુમલો પણ કરી શકે છે. જો પુતિન યુક્રેન પર પરમાણુ હુમલો કરી દે તો અમેરિકાની શું પ્રતિક્રિયા હશે એ સવાલના જવાબમાં રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું હતું કે આવી સ્થિતિમાં પેંટાગનને પ્રતિક્રિયા આપવા માટે કોઈને પુછવાની જરૂર રહેશે નહીં પેંટાગન અમેરિકાના રક્ષા મંત્રાલયનું નામ છે બાઈડેનના જવાબથી સ્પષ્ટ થાય છે કે આવી કોઈ પણ પરિસ્થિતિ આવવા પર અમેરિકા ઘાતક જવાબ આપવા તૈયાર છે. યુક્રેનમાં અમેરિકા અને નાટો માટે રેડ સાઈન શું હશે અને જો પુતિન યુક્રેનમાં પરમાણુ સંયંત્ર પર બોંબમારો કરે છે અથવા ટેકિટકલ પરમાણુ હથિયારનો ઉપયોગ કરે છે તો શું તેના જવાબમાં બાઈડેને કહ્યું કે અમે શું કરીશું શું નહી આ બાબતમાં વાત કરવી મારા માટે બિન જવાબદારીપૂર્ણ હશે ઈડોનેશિયામાં જી ૨૦ની બેઠકમાં પુતિનની મુલાકાત કરશો તેના જવાબમાં બાઈડેને પુતિનને મળવાનો ઈન્કાર કર્યો નહીં પરંતુ તેમણે કહ્યું કે તેની સાથે શરત પણ છે તેમણે કહ્યું કે મારો તેમને મળવાનો કોઈ ઈરાદો નથી પરંતુ જોવા જો તે જી ૨૦માં મારી પાસે આવે અને કહે કે તે ગ્રિનરની મુક્તિ બાબતમાં વાત કરવા ઈચ્છે છે તો હું તેમને મળીશ.

### આશાવર્કરોનું વિરોધ પ્રદર્શન

## આશાવર્કરોએ માગણીઓને લઈને વિધાનસભા તરફ કૂચ કરતાં મહિલાઓની અટકાયત કરાઈ



ગાંધીનગર,

ગુજરાતના આંગણવાડી કેન્દ્રોમાં ખુદ સરકાર દ્વારા જ લઘુત્તમ વેતન સહિતના નિયમોનું વર્ષોથી સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે, એ મામલે છેલ્લાં ઘણાં સમયથી આશાવર્કરો દ્વારા સરકાર સામે મોરચો માંડીને પડતર માંગણીઓનો નિકાલ કરવાની માંગણી કરવામાં આવી રહી છે. પરંતુ આજદિન સુધી આશા વર્કરોની માંગણીઓ બાબતે કોઈ નિરાકરણ નહીં લાવવામાં આવતાં આજે આશાવર્કરોએ મોટી સંખ્યામાં એકઠા થઈ વિધાનસભા તરફ કૂચ કરવામાં આવતાં સત્યાગ્રહ છાવણી ગોઠવાયેલી પોલીસ દોડતી થઈ હતી. ત્યારે પોલીસે બપોર સુધીમાં ૫૦૦થી વધુ આશાવર્કરોની અટકાયત કરી લેવાતાં ઘર્ષણના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. રાજ્યના આશા વર્કર અને ફેસીલીએટર બહેનોએ કોરોના મહામારીમાં જોખમી વેકસીનેશન, ટેસ્ટીંગ, સર્વે સહિતની કામગીરી કરી છે અને કોરોના વોરીયર્સ તરીકે સન્માન કરવાને બદલે સરકારે પીડા આપી છે. કોવીડ કામગીરીના સતત આખા દિવસની સેવા માટે આશા વર્કરને માત્ર દૈનિક રૂ ૩૩ અને ફેસીલીએટરને દૈનિક રૂ ૧૭ અપાય છે તે મશ્કરી સમાન છે, એરીયર્સ સાથે રૂ ૩૦૦ દૈનિક ચુકવવા ઉપરાંત ફિક્સ પગારની માંગણી ઘણા લાંબા સમયથી પડતર છે. જે અન્વયે આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મહિલા શક્તિ સેનાના ચંદ્રિકા બેન સોલંકીની આગેવાનીમાં આશા વર્કરોએ ધરણાં પ્રદર્શન કરવાનું નક્કી કર્યું હતું. જેનાં પગલે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. આ તરફ આશા વર્કરોએ એસ.ટી ડેપો ની પાછળ મોટી સંખ્યામાં એકઠી થઈ વિધાનસભા તરફ કૂચ કરતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. આશા વર્કરો સચિવાલયના ગેટ નંબર-૬ સુધી પહોંચે એ પહેલાં જ બીએસએનએલ કચેરી નજીક પોલીસે તેઓને અટકાવી દેવામાં આવી હતી. જો કે આશા વર્કરોએ સૂત્રોચારો કરીને આગળ વધવાનો પ્રયાસ કરવામાં આવતાં મહિલા પોલીસ દ્વારા ચંદ્રિકા સોલંકી સહિત ૫૦૦ થી વધુ આશા વર્કરોની અટકાયત કરી લેવામાં આવી હતી. આ દરમ્યાન પોલીસ અને આશા વર્કરો વચ્ચે ઘર્ષણના દશ્યો સર્જાયા હતા. જેનાં પગલે પોલીસને આશા વર્કરોને ટીંગાટોળી પણ કરવાની નોબત આવી હતી.

## મોદીની નકલ, શિંદે વિરુદ્ધ ટિપ્પણી : ઉદ્ધવના ૭ નેતાઓ વિરુદ્ધ FIR નોંધાઈ

મુંબઈ,

જયારથી એકનાથ શિંદેએ મહારાષ્ટ્રમાં સરકાર બનાવી છે, ત્યારથી ઉદ્ધવ ઠાકરે જૂથ અને એકનાથ શિંદે જૂથે એકબીજા પર વળતો પ્રહાર ચાલુ રાખ્યો છે. તાજેતરનો વિવાદ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નકલ કરવા અને મુખ્યમંત્રી એકનાથ શિંદે પર વાંધાજનક ટિપ્પણી કરવાને લઈને ઉભો થયો છે. આ માટે મહારાષ્ટ્ર પોલીસે હવે ઉદ્ધવ ઠાકરે જૂથના સાત નેતાઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. આ તમામ નેતાઓ પર લાગણી ભડકાવવાનો પણ આરોપ લગાવાયો છે.

જે નેતાઓની સામે એફઆઈઆર નોંધાવવામાં આવી છે તેમાં થાણેના ભૂતપૂર્વ કોર્પોરેટર મધુકર દેશમુખ,થાણે મહિલા અઘાડી પ્રમુખ અનિતા બિરજે,ધર્મરાજ્ય પક્ષના પ્રમુખ રાજન રાજે,વિનાયક રાઉત, સાંસદ અને શિવસેનાના સચિવ,સુષ્મતાઈ અંધારે, શિવસેનાના ઉપનેતા,ભાસ્કર જાધવ, ધારાસભ્ય અને શિવસેનાના નેતાનો સમાવેશ થાય છે.પોલીસે લોકલાગણી ભડકાવવા બદલ કલમ ૧૫૩ પણ લગાવી

એવું કહેવામાં આવી રહ્યું છે કે પીએમ મોદીની નકલ કરવા ઉપરાંત સીએમ એકનાથ શિંદેની નકલ કરવા અને ભાજપના નેતા નારાયણ રાણે પર વિવાદાસ્પદ ટિપ્પણી કરવા સહિત વાંધાજનક ટિપ્પણી કરવા માટે તમામ નેતાઓ વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. પોલીસે તમામ નેતાઓ સામે લોકોની લાગણી ભડકાવવા બદલ કલમ ૧૫૩ પણ લગાવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત ૯ ઓક્ટોબરે થાણેના ગડકરી રંગાયતન હોલમાં 'શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે' દ્વારા શરૂ કરવામાં આવેલી મહાપ્રબોધન યાત્રામાં શિવસેનાના નેતા સુષ્મા અંધારેએ તેમના ભાષણમાં પીએમ મોદીની નકલ કરીને તેમની મજાક ઉડાવી હતી, તો શિવસેનાના નેતા અને ધારાસભ્ય ભાસ્કર જાધવે, મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેની નકલ કરી હતી. આ મામલામાં થાણેના નૌપાડા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે, જેમાં સુષ્મા અંધારે અને ભાસ્કર જાધવ સહિત સાત લોકોના નામ સામેલ છે. અગાઉ, સીએમ એકનાથ શિંદે પર વિવાદાસ્પદ ટિપ્પણીના મામલામાં ઔરંગાબાદમાં પૂર્વ સાંસદ ચંદ્રકાંત ખૈરે વિરુદ્ધ FIR નોંધવામાં આવી હતી.

## ૨૦ ઓક્ટોબરે કેવડિયામાં ભારતના રાજદૂતોની કોન્ફરન્સમાં વડાપ્રધાન મોદી, વિદેશ મંત્રી હાજર રહેશે

અમદાવાદ,

ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને હવે થોડા જ દિવસોમાં આચાર સંહિતા લાગવાની સંભાવના છે. જેને લઈને કેન્દ્રીય મહાનુભાવોના ગુજરાતના પ્રવાસો પૂરજોશમાં ચાલી રહ્યા છે. હજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગઈકાલે જ એટલે કે ૧૧ ઓક્ટોબરે જ પોતાનો ગુજરાત પ્રવાસ પતાવીને ગયા છે. ત્યાં ફરી થોડા જ દિવસમાં તેમના ગુજરાત ફરી આવવાના કાર્યક્રમ બની ગયા છે. આચાર સંહિતા લાગુ પડે તે પહેલા ભાજપ પોતાના તમામ લોકાર્પણ અને ખાતમુહૂર્તના કામો પતાવી દેવા માગે છે. ત્યારે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦ ઓક્ટોબરે ફરી ગુજરાત પ્રવાસે આવવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦ ઓક્ટોબરે કેવડીયાની મુલાકાતે આવવાના છે. ૨૦ ઓક્ટોબરે કેવડીયામાં ભારતના રાજદૂતોની કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે વડાપ્રધાન મોદીની સાથે સંયુક્ત રાષ્ટ્રના સેક્રેટરી જનરલ પણ કેવડીયા મુલાકાતે આવશે. તે ૨ દિવસીય કોન્ફરન્સ દરમિયાન વિદેશ મંત્રાલયની પણ મુલાકાત લેશે. કેન્દ્રિય વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર આ કોન્ફરન્સમાં હાજર રહેશે. આ કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર્યાવરણને લગતા એક મહત્વના પ્રોજેક્ટની શરૂઆત કરાવશે. જો કે આ કાર્યક્રમ કેન્દ્ર સરકારનો કાર્યક્રમ છે. તેથી આ કાર્યક્રમમાં રાજકીય રંગ જોવા નહીં મળે. આ કાર્યક્રમમાં ભારતના રાજદુતો રહેવાના છે. જો કે આ કાર્યક્રમમાં વડાપ્રધાન કોઈ વિશેષ સંદેશ આપી શકે છે. કારણકે તેમાં સંયુક્ત રાષ્ટ્રના સેક્રેટરી જનરલ પણ ઉપસ્થિત રહેવાના છે. આ સિવાય મોદી ૧૯ ઓક્ટોબરના રોજ રાજકોટના પ્રવાસે આવશે. ૧૯ ઓક્ટોબરે રાજકોટમાં મોદીનો રોડ શો યોજાશે. રાજકોટ એરપોર્ટથી રેસકોર્ષ સુધી મોદીનો રોડ શો યોજાશે. ઉપરાંત મોદી રાજકોટવાસીઓને વિકાસની ભેટ પણ આપશે. રાજકોટમાં વડાપ્રધાન વિશાળ જનસભાને સંબોધશે.

## કમોસમી વરસાદે ઘણા રાજ્યોની હાલત બગાડી, યુપીના ૧૩૦૦થી વધુ ગામોમાં પૂર

નવીદિલ્હી,

કમોસમી વરસાદે ઘણા રાજ્યોમાં હાલત ખરાબ કરી દીધી છે. ખાસકરીને, ઉત્તરપ્રદેશ, હિમાચલ અને ઉત્તરાખંડના ઘણા વિસ્તારોમાં ખૂબ વરસાદ પડી રહ્યો છે. નદીઓમાં ઘોડાપૂર છે. ભારતીય હવામાન વિભાગએ અરૂણાચલ પ્રદેશમાં મધ્યમ વરસાદ સાથે છૂટાછવાયા વરસાદની શક્યતા પણ વ્યક્ત કરી છે.

સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હળવાથી મધ્યમ વરસાદ ની શક્યતા છે.

ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, કેરળ અને લક્ષદ્વીપમાં હળવા વરસાદની શક્યતા છે. લદ્દાખ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા અને ગુજરાતમાં છૂટોછવાયો વરસાદ જોવા મળી શકે છે.


ઉત્તર પ્રદેશમાં વરસાદ સાથે સંબંધિત ઘટનાઓમાં ૬ના મોત થઈ ગયા. ૧૮ જિલ્લાના ૧૩૦૦થી વધારે ગામ પૂરથી પ્રભાવિત છે. રાહત કમિશનરના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે બલરામપુર જિલ્લામાં કુલ ૨૮૭ ગામ, સિદ્ધાર્થનગરમાં ૧૨૯, ગોરખપુરમાં ૧૨૦, શ્રાવસ્તીમાં ૧૧૪, ગોંડામાં ૧૧૦, બહરાઈચમાં ૧૦૨, લખીમપુર ખીરીમાં ૮૬ અને બારાબંકી જિલ્લામાં ૮૨ ગામ પૂરથી પ્રભાવિત છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જાનમાલના નુકસાન પર દુઃખ વ્યક્ત કર્યું અને મૃતકોના પરિવારોને રાહત રકમ તાત્કાલિક ધોરણે વિતરણ કરવાના નિર્દેશ આપ્યા છે. તેમણે પૂર પ્રભાવિત ક્ષેત્રોમાં રાહત તેમજ બચાવ કાર્ય માટે એનડીઆરએફ, એસડીઆરએફ અને પીએસીની ટીમોને તૈનાત કરવાના પણ નિર્દેશ આપ્યા.

## ગુજરાતમાં ચૂંટણી અગાઉ ૨૩ IAS અધિકારીઓની બદલી : અમદાવાદ-ગાંધીનગરને નવા કલેક્ટર મળ્યા

ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યમાં બદલીઓનો દોર યથાવત જોવા મળી રહ્યો છે. ડેપ્યુટી કલેક્ટરોની બદલી બાદ હવે રાજ્યમાં **IAS** અધિકારીઓની બદલી કરવામાં આવી. ગુજરાતમાં હજુ તો ગઈકાલે ૭ ડેપ્યુટી કલેક્ટરોની બદલી કરવામાં આવી હતી ત્યાં તો આજે રાજ્યના ૨૩ આઈએએસ અધિકારીઓની બદલી કરી દેવાઈ છે.

મળતી માહિતી અનુસાર એમ. થેન્નારસન અમદાવાદ મનપાના નવા કમિશનર બન્યા અગાઉ ડેપ્યૂટી કમિશનર તરીકે બજાવી ચૂક્યા છે અમદાવાદમાં ફરજ, રાહુલ ગુપ્તા વાઈસ ચેરમેન અને એમડી જીઆઈડીસી બન્યા, ધવલ પટેલ અમદાવાદ નવા કલેકટર,રાહુલ ગુપ્તાને ગાંધીનગર ઈન્ડસ્ટ્રીયલ કમિશનરનો વધારાનો ચાર્જ,ડી.એસ.ગઢવી આણંદના નવા કલેક્ટર, ધર્મેન્દ્રસિંહ જાડેજા ડાંગના નવા કલેક્ટર,બી આર દવે તાપીના નવા કલેકટર,બી કે પંડ્યા મહીસાગરના નવા કલેકટર, પ્રવીણા ડી.કે ગાંધીનગરના નવા કલેકટર, દિલિપ કુમાર રાણા કચ્છના નવા કલેકટર, દિલીપ રાણા કચ્છ કલેક્ટર તરીકે મુકાયા,એએમસીના નવા કમિશનર બન્યા એમ. થેનારસરણ, અગાઉ ડેપ્યુટી કમિશનર તરીકે બજાવી ચૂક્યા છે અમદાવાદ માં ફરજ, અમદાવાદના નાવ મનપા કમિશ્નર મુકાયા, એમ થેનારસન મનપા કમિશ્નર તરીકે મુકાયા, રાહુલ બાબુલાલ ગુપ્તા ગાંધીનગર ઈન્ડસ્ટ્રીયલ કમીશનરનો વધારાનો ચાર્જ, ડીએસ ગઢવી આંણદના નવા કલેકટર, ધર્મેન્દ્ર સિંહ જાડેજા ડાંગના નવા કલેકટર,જીટી પંડયા મોરબીના નવા કલેકટર,બી આર દવે તાપીના નવા કલેકટર, બી કે પંડ્યા મહીસાગરના નવા કલેકટર, પ્રવીણા ડી.કે ગાંધીનગરના નવા કલેકટર,દિલિપ કુમાર રાણા કચ્છના નવા કલેકટર,યોગેશ નિરગુડે ટ્રાયબલ ડેવલોપમેન્ટના નવા ડિરેક્ટર, આર.એ. મેરજા ભાવનગરના નવા કલેક્ટર, પી.આર જોશી ભરુચના નવા ડીડીઓ, બી.કે. વસાવા સુરતના નવા ડીડીઓ, એસ.ડી. ધાનાણી દ્વારકાના નવા ડીડીઓ, સંદીપ સાંગલે ને ગાંધીનગરના મ્યુની કમીશનર તરીકે મુકાયા, પંચાયતના એડીશનલ સેક્રટરી તરીકે એમ.વાય દક્ષીણી, હરજીભાઈ વઢવાણીયા એ.ટી.એમ.એના નવા ડિરેકટર, મનીષ કુમારને જીએલપીસીના એમડી તરીકે નિમણૂંક, જે.બી. પટેલને યુથ સર્વીસ અને કલચરલ એકટીવીટનો ચાર્જ સોંપાયો, ડીજીવીસીએલના નવા એમડી યોગેશ ચૌધરી, કે.એસ. વસાવા ટેકનીકલ શિક્ષણવિભાગના નવ ડિરેકટર બનાવાયા છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# કડાણા-સંતરામપુર તાલુકાના આદિવાસી વિદ્યાર્થીઓના જાતિના વિશ્લેષણ પડતી મુશ્કેલી દુર કરવાની માંગ સાથે કલેકટરને આવેદન

## કડાણા-સંતરામપુરના આદિવાસી ઓળખ માટે કા.પ.અને રા.પ. ભીલ આદિવાસીના પરિપત્ર કરવા માંગ

મલેકપુર,

મહિસાગર જીલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકાના અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને તેમજ પરીક્ષા પાસ થયેલ યુવાનોને વિશ્લેષણમાં મુશ્કેલીઓ પડતી હોય ત્યારે આ વિસ્તારના આદિવાસીની ઓળખ માટે ''કા.પી.અને રા.પ. આદિવાસી '' જેવા શબ્દોનો ઉપયોગ માન્ય ગણવાનો પરિપત્ર કરવો વિધાનસભા ચુંટણી પહેલા યોગ્ય ન્યાય ન મળે તો ચુંટણીમાં કોઈપણ પક્ષને પ્રચાર કરવા દેવાય નહિ તેવી ચિમકી સાથે જીલ્લા કલેકટરને કડાણા, સંતરામપુર આદિવાસી સમાજ દ્વારા આવેદન આપવામાં આવ્યું.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મહિસાગર જીલ્લાના કડાણા, સંતરામપુર તાલુકો આદિવાસી વસ્તી ધરાવતી શીડયુલ એરીયા પાર્ટએ વિસ્તારમાં સમાવેશ થતાં મુંબઈ જમીન મહેસુલ કાયદા મુજબ આદિવાસી વિસ્તારના આદિવાસી ખેડુતોની જમીન ઉપર રેવન્યુ કોડની કલમ-૭૩ એ-એ જી નોંધ પડાવી નિયંત્રણ લાગુ પાડેલ છે. ૧૯૬૧ અને ૧૯૮૧ના જાહેરનામા પ્રમાણે કડાણા, સંતરામપુર તાલુકાના આદિવાસી ઈસમો બાળકોને ૧૯૬૦ થી ૨૦૦૭-૦૮ સુધી હજારોની સંખ્યામાં સમાજ કલ્યાણ કચેરી અને તકેદારી કચેરી પંચમહાલ દ્વારા જાતિના પ્રમાણપત્રો આપેલા છે. ત્યારબાદ મામલતદાર કડાણા, સંતરામપુર અને તાલુકા વિકાસ અધિકારી કડાણા, સંતરામપુર દ્વારા ૨૦૧૯ સુધી હજારોની સંખ્યામાં જાતિના પ્રમાણપત્રો આપેલ છે. પંચમહાલ સમાજ કલ્યાણ કચેરી દ્વારા કડાણા તાલુકાના આદિવાસી બાળકોને શાળા છોડયાના પ્રમાણપત્રમાં ''ભીલ'' જાતિ લખેલ હોય તેવા બાળકોને જાતિના પ્રમાણપત્રો આપેલ છે. ૧૯૬૦ પહેલા આદિવાસીઓ શાળામાં દાખલ થતાં ''રાની પરજ'' અને ''કાળી પરજ'' જેવી જાતિઓ લખી હોય જાતિના પ્રમાણપત્રો આપ્યા. કડાણા તાલુકો અસ્તિત્વમાં આવ્યા બાદ આદિવાસી ઈસમોની જાતિ પ્રમાણપત્રોમાં અભ્યાસ સમિતિ રચના સરકાર તરફથી કરવામાં આવેલ નથી તેમ છતાં જ્યારે કડાણા તાલુકાના જાતિના પ્રમાણપત્રો રજુઆત કરી છે. ૨૦૦૪ના મહેસુલ મંત્રીના અધ્યક્ષ સાથે મળેલ મીટીંગમાં કમિશ્નર આદિજાતિ વિભાગ, ગાંધીનગર પ્રોસીડીંગમાં જણાવેલ કે, જાતિના પ્રમાણપત્ર માંગનાર ઈસમે સક્ષમ અધિકારીની ૭૩ એએ ની એન્ટ્રી રજુ કરવી, મતદાર યાદી રેવન્યુ રેકર્ડ, પેઢીનામું રજુ કર્યા બાદ જાતિનું પ્રમાણપત્ર આપવું. તેમ છતાં ૨૦૧૯-૨૦ થી બાળકોને જાતિના પ્રમાણપત્રો આપતા નથી. આદિજાતિ વિભાગ દ્વારા આદિવાસી ખેડુતોને આર્થિક લાભમાં શિક્ષણ વિભાગના પરિપત્રથી જો વાલીથી જાતિ લખવામાં ભુલ થાય તો જાતિ- પેટા જાતિ શિક્ષણદિપ કરાવી જણાવ્યું છે. ત્યારે કડાણા અને સંતરામપુર વિસ્તારના આદિવાસીઓની ઓળખ ''કા.પી. અને રા.પ.'' ભીલ આદિવાસી શબ્દો ઉપયોગના પરિપત્ર કરવાની માંગ સાથે મહિસાગર જીલ્લા કલેકટરને કડાણા, સંતરામપુર આદિવાસી સમાજ દ્વારા આવેદન આપવામાં આવ્યું.

# સાસરી પક્ષના માણસો હેરાન પરેશાન કરે તેવો કોલ આવતા ૧૮૧ અભયમ ટીમ ઘટના સ્થળે પહોંચી

સંતરામપુર,

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના નજીકના વિસ્તારમાંથી ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર પીડીતાનો કોલ આવતા તેમણે જણાવેલ કે તેમના સાસરીવાળા તેમને હેરાન કરે છે અને માનસિક ત્રાસ આપે છે. તેમને ઘરમાંથી કાઢી મુકેલ છે. જેથી ૧૮૧ વાનની મદદ માગી હતી.

મહીસાગર ૧૮૧ અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી પીડિતા સાથે વાતચીત કરતા તેમણે જણાવેલ કે તેમના લગ્નના સાત વર્ષ થયા છે, તેમના ત્રણ બાળકો છે. એક બાળક પાંચ વર્ષનું છે અને બીજા બે બાળકો

CALL 181
મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

જોડિયા છે. જે ૧૧ માસના છે, પીડીતાબેનના પતિ આઉટ ઓફ કન્ટ્રી દેશની બહાર રહે છે. પીડીતાબેન પોતે જોબ કરે છે, તેઓ ત્રણ બાળકોને સાચવે છે અને જ્યારે નોકરી કરીને ઘરે પાછા ઘરે આવે છે. ત્યારે રોજ તેમના સાસુ-સસરા અને દિયર કામકાજ બાબતે અને ઘરની બાબતે તેમની સાથે ઝઘડા કરતા હોય છે. તેમને અને તેમના પતિ વચ્ચે પાંચ વર્ષથી ઝઘડા ચાલે છે બાબતે ઝઘડો થતાં પીડીતાબેનને તેમના સાસુ સસરા અને દિયરે ઘરેથી કાઢી મૂક્યા અને તેમના જે ૧૧ માસના બે જોડીયા બાળકો છે. તે તેમણે લઈ લીધા બંને બાળકોને બે દિવસથી ધાવણ આપેલું ન હોવાથી પીડીતાબેનને છાતીમાં દુઃખાવો થયો હતો. ત્યારબાદ પીડિતાના સાસરીવાળા તેમના સાસુ-સસરા અને દિયર તેમજ નણંદનું કાઉન્સિલિંગ કરી તેમને કાયદાકીય માહિતી આપવામાં આવી. પરંતુ તેમના સાસરીવાળા કોઈપણ બાબતે સમજવા તૈયાર ન હતા કે પીડિતાને તેમના ૧૧ માસના બાળક જે બે દિવસથી ભૂખ્યા છે. તે આટલું સમજાવવા છતાં પણ આપતા ન હતા. જેથી તેમના પિયર પક્ષ માતા-પિતા સાથે વાતચીત કરી અને પીડીતાબેનને કાયદાકીય તેમજ પોલીસ સ્ટેશનની માહિતી આપી અને પીડીતાબેન આગળ કાર્યવાહી કરવાનું જણાવતા હોવાથી પોલીસ સ્ટેશનમાં અરજી અપાવેલ છે. તેમજ તેમને મહિલા પોલીસ સ્ટેશન વિશે પણ માહિતી આપેલ હતી. મહીસાગર ૧૮૧ ટીમ તાત્કાલિક સમયસર સ્થળ પર પહોંચી પીડિતાને સાસરી પક્ષના ત્રાસ માંથી બચાવવા બદલ પિયર પક્ષ તરફથી ૧૮૧ના સ્ટાફ ગણ ટીમનો આભાર વ્યક્ત કર્યો.

# મહિસાગર જિલ્લામાં કુલ મતદારોની સંખ્યા ૮,૧૪,૨૮૩

## મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા દરમિયાન મળેલ હક્ક-દાવાઓના નિકાલ બાદ આખરી મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવી

- જિલ્લામાં યુવાઓ સહિત કુલ ૧૫૯૩૧ નવા મતદારો નોંધાયા.
- ૧૮૫૯૯૫ મતદારોએ મતદારયાદીમાં આધાર નંબર દાખલ કરાવ્યા.

મહિસાગર,

ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને ભારતના ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં હાથ ધરવામા આવેલા ખાસ મતદાર સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ બાદ આખરી મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. આ મતદારયાદી અનુસાર મહિસાગર જિલ્લામાં કુલ ૮,૧૪,૨૮૩ મતદારો નોંધાયા છે. જિલ્લાનાં કુલ મતદારોમાં ૪૧૬૫૦૩ પુરૂષ અને ૩૯૭૭૬૪ મહિલા અન્ય ૧૬ મતદારો નોંધાયા છે. કુલ ૧૫૯૩૧ જેટલા નવા મતદારો નોંધાયા છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા જૂન, ૨૦૨૨માં જાહેર કરવામાં આવેલા મતદારયાદી સબંધી સુધારાઓ અન્વયે જાહેર કરવામાં આવેલી લાયકાતની ચાર તારીખોને કારણે હવે યુવાનો માટે મતદાર બનવાનું સરળ થયું છે. નવા સુધારાઓ સાથે તા.૧૨મી ઓગસ્ટ-૨૦૨૨ થી ૧૧મી સપ્ટેમ્બર-૨૦૨૨ દરમ્યાન યોજાયેલા ખાસ મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમ્યાન મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા વ્યાપકપણે મતદાર જાગૃતિના કાર્યક્રમો યોજીને વધુમાં વધુ નાગરિકો મતદાર તરીકે નામ નોંધાવે તે માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આખરી મતદારયાદીમાં સમાવેલી વિગતો પ્રમાણે મહિસાગર જિલ્લામાં ૧૮ થી ૧૯ વયજુથમાં ૮૮૩૫ જેટલાં યુવા મતદારોએ નોંધણી કરાવી છે. તેવી જ રીતે ૨૦ થી ૨૯ વર્ષના વયજુથમાં કુલ ૫૨૫૧ નવા મતદારો નોંધાયા છે. તો જિલ્લામાં કુલ મતદારોમાં ૪૩૦૪ દિવ્યાંગ મતદારો પણ નોંધાયા છે. દિવ્યાંગ મતદારો માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા PwD નામની ખાસ એપ બનાવવામાં આવી છે. જેના ઉપર દિવ્યાંગો પોતાને ચિન્હીત કરાવીને મતદાનના દિવસે ખાસ સુવિધાઓ મેળવી શકે છે.

હવે મતદાર મતદારયાદીમાં સ્વૈચ્છિક રીતે આધાર નંબર દાખલ કરાવી શકે છે. આ સુવિધાનો લાભ લઈને મહિસાગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૮૫૯૯૫ મતદારોએ મતદારયાદીમાં પોતાના નામ સાથે આધાર નંબર દાખલ કરાવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૨મી ઓગસ્ટ,૨૦૨૨ના રોજ ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીનો મુસદ્દો પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. તેમાં દર્શાવેલી વિગતો ચકાસ્યા બાદ મતદારોએ મતદારયાદીમાં સુધારો કરાવવા માટે વિવિધ નિયત ફોર્મ ભરીને અરજી કરવાની રહે છે. આ અરજીના આધારે કુલ ૧૩૦૦૬ મતદારોની મતદારયાદીની વિગતોમાં સુધારો કરી તથા નવા મતદારોના નામ ઉમેરી તેમજ જુદા-જુદા કારણોસર કમી કરવામાં આવેલા મતદારોના નામ દૂર કરી આખરી મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે.

# દાહોદ જીલ્લામાં બે અકસ્માતના બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે વ્યકિતઓના મોત નીપજયાંનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ગરબાડા તાલુકાના પાંચવાડા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૦મી ઓક્ટોમ્બરના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે સામેથી આવતી બે મોટરસાઈકલો સાથે ધડાકાભેર અથડાવતાં સામેની મોટરસાઈકલ પર સવાર ઝાલાભાઈ શકરાભાઈ વહોનીયા (રહે. ઝરીબુઝર્ગ) અને તેમની સાથેના અન્ય માણસો મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાતાં ઝાલાભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓનું મોત નીપજ્યું હતું. આ સંબંધે ઝરીબુઝર્ગ ગામે રહેતાં માલાભાઈ શકરાભાઈ વહોનીયાએ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના ફુલપુરા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૦મી ઓક્ટોમ્બરના રોજ ફુલપુરા ગામે ડાબોડીયા ફળિયામાં રહેતાં અનીલભાઈ ગૌતમભાઈ ડામોરે પોતાના કબજાના કબજાનું ટ્રેક્ટર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ફુલપુરા ગામેથી ડાબોડીયા ફળિયા ખાતેથી પસાર થઈ રહ્યો હતો અને તે સમયે અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં ટ્રેક્ટર પલ્ટી ખાઈ ગયું હતું અને જેને પગલે ટ્રેકટરના ચાલક અનીલભાઈ ગૌતમભાઈ ડામોર ટ્રેક્ટરમાંથી ફંગોળાઈ જમીન પર પટકાતાં તેઓને હાથે પગે શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે ફુલપુરા ગામે ડાબોડીયા ફળિયામાં રહેતાં તારસીંગભાઈ સોમલાભાઈ ડામોરે ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદની મહિલા DDO એ VIP કલચરનો ત્યાગ કરી નવો ચીલો ચિતર્યો



દાહોદ,

દાહોદ જિલ્લામાં પોતાની સંવેદના અને પ્રજાભીમુક વહીવટ થી જિલ્લા વિકાસને નવી ગતી અને દિશા આપવા માટે હરહંમેશ તત્પર રહેતા જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ વી.આઈ.પી કલચરનો ત્યાગ કરી પોતાના દીકરાને સરકારી આંગણવાડીમાં પ્રવેશ અપાવીને સરકારી બાબુઓમાં નવો ચીલો ચિંતર્યો છે.

દાહોદથી અડીને આવેલી છાપરી ગામે કાર્યરત આંગણવાડી કેન્દ્રમાં તેઓએ એક અધિકારી તરીકે નહિ પરંતુ એક સામાન્ય વાલી તરીકે પોતાના બાળકને આંગણવાડીમાં મુકવા ગયા હતા. તેમની આજ એક લાગણી એમને અલગ દર્જાના અધિકારી તરીકે તારવે છે. દાહોદ જિલ્લાના સદનસીબે ઘણા ખરા મુઠી ઉંચેરા અધિકારીઓ સાપડ્યા છે. જેમાં આજે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીનું નામ ઉમેરાયું છે. આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લા પ્રત્યે તેમની લાગણી અને આદિવાસી લોકો પ્રત્યે તેમનું પોતાના પણું અને લગાવ પણ એટલો જ જાણીતો છે. જેના થકી તેઓએ જિલ્લાના વિકાસ કામોને નવી રાહ અને નવી દિશા આપી છે. સાથે સાથે તેઓએ પોતાના દીકરાને છાપરી ગામની સરકારી આંગણવાડી કેન્દ્રમાં પ્રવેશ અપાવીને કર્મભૂમિનું જાણે ઋણ અદા કરવાની નેમ લીધી હોય તેમ નરી આંખે જોવાઈ આવે છે. એક કલાસ વન અધિકારી તરીકે જો પોતાના બાળકને સરકારી આંગણવાડીમાં ભરાવે તો એના શિક્ષણનું સ્ટાન્ડર્ડ ચોક્કસ વધે તેમજ જિલ્લાની સરકારી સંસ્થાઓ પર તેમનો વિશ્વાસ દર્શાવે છે.

# તા.૧૬ થી ચૂંટણીપંચની ટીમ પાંચ દિવસ ગુજરાતમાં : રાજકોટ આવશે

રાજકોટ,

ગુજરાતમાં ધારાસભા ચૂંટણીની જાહેરાત હવે નજીક આવી રહી છે. હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના રાજયમાં સતાવાર કાર્યક્રમો પણ હવે અંતિમ તબકકામાં છે તે વચ્ચે તા.૧૬ના રોજ ફરી એક વખત ચૂંટણી પંચની ટીમ તા.૧૬થી ગુજરાતની મુલાકાતે આવશે અને તા.૨૧ સુધી ચૂંટણીપંચની ટીમ રાજયના વિવિધ જીલ્લાઓની મુલાકાત લેશે.

આ ટીમ ચૂંટણીપંચના નવા નિયુક્ત નાયબ ચૂંટણી કમિશ્નર શ્રી અજય ભાદુના નેતૃત્વ હેઠળ આવશે તેવા સંકેત છે. ગુજરાત આઈએએસ કેડરના શ્રી ભાદુની હાલમાં જ નાયબ ચૂંટણી કમિશ્નર તરીકે નિયુક્તિ થઈ છે અને તેઓ આગામી દિવસમાં ગુજરાતની ચૂંટણી તૈયારીની સમીક્ષા કરીને આખરી રિપોર્ટ ચૂંટણીપંચને આપશે.

ગુજરાતમાં મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ તા.૧૦ના રોજ થઈ ગઈ છે અને હવે વડાપ્રધાન શ્રી મોદી તા.૧૯-૨૦ ના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે તથા તે બાદ ચૂંટણીપંચ ગમે તે સમયે ચૂંટણીની જાહેરાત કરશે. તા.૨૨ના રોજ અમદાવાદમાં ડિફેન્સ એકસપો ના અંતે એર-શોનું આયોજન છે જે અંતિમ સતાવાર કાર્યક્રમ હશે.

ભાદુના નેતૃત્વની ટીમ સૌરાષ્ટ્રમાં ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરવા રાજકોટ આવશે તેવા સંકેત છે અને સૌરાષ્ટ્રના જીલ્લા કલેકટરો તથા પોલીસ અધિકારીઓ ઉપરાંત ચૂંટણી સાથે જોડાયેલા અધિકારીઓની કોન્ફરન્સ રહેશે અને તા.૨૪ના દિપાવલી છે અને તે પછી ચૂંટણીની જાહેરાત થઈ શકે છે.

# ગરબાડાના અભલોડ ગામે મજુરીના પૈસા માંગતા દંપતિને મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના અભલોડ ગામે મજુરીના પૈસા માંગવા બાબતે મહિલા સહિત ચાર ઈસમોએ એક દંપતિને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવ્યાંનું જાણવા મળે છે. ગરબાડા તાલુકાના આંબલી ગામે મેડા ફળિયામાં રહેતાં અનીલકુમાર શંકરભાઈ મેડાએ પોતાના નવીન મકાનનું બાંધકામ કરતાં કોન્ટ્રાક્ટર તથા તેની સાથેના ગરબાડા તાલુકાના નેલસુર ગામે તળાવ ફળિયામાં રહેતાં રમેશભાઈ મડુભાઈ પરમાર, રાકેશભાઈ રમેશભાઈ પરમા, ભરતભાઈ રમેશભાઈ પરમાર અને મમતાબેન મહેશભાઈ બિલવાળનાઓએ અનીલકુમારને કહેલ કે, મજુરી કામના પૈસા કેમ આપતાં નથી, તેમ કહી બેફામ ગાળો બોલી, એકદમ ઉશ્કેરાઈ જઈ અનીલકુમાર અને રમીલાબેનને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત અનીલકુમાર શંકરભાઈ મેડાએ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના નસીરપુર ગામે ફોરવ્હીલ અને બાઈક વચ્ચે થયેલ અકસ્માતમાં બાઈક ચાલકને ઈજાઓ

દાહોદ,

દાહોદ તાલુકાના નસીરપુર ગામે એક ફોરવીલર ગાડી તેમજ સપોર્ટ બાઈક વચ્ચે સર્જાયેલા માર્ગ અકસ્માતના બનાવવામાં બાઈક ચાલક ઈજાગ્રસ્ત થયો હોવાનું સામે આવ્યું છે. જોકે ઈજાગ્રસ્ત બાઈક ચાલકને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડયા હોવાનું જાણવા મળેલ છે. દાહોદ જિલ્લા માંથી પસાર થતો ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર નવા નવા વાહન અકસ્માતના બનાવો બનવા પામતા આ હાઈવે ધીમે ધીમે અકસ્માત ઝોન તરફ અગ્રેસર થઈ રહ્યો છે. દાહોદ નજીક જ છેલ્લા ત્રણ ત્રણ દીવસમાં માર્ગ અકસ્માતના બનાવો સામે આવ્યા છે. ત્યારે આજરોજ પુનઃ એક માર્ગ અકસ્માત નો બનાવ સામે આવ્યો છે જેમાં Gj-23-AF-6453 નંબરની ક્રુઝર ગાડી દાહોદ તાલુકાના નસીરપુર પાસેથી પસાર થઈ રહી હતી. તે સમયે ગોધરા તરફથી MP-43-EL-0608 નંબરની સ્પોર્ટ્સ બાઈક પર પૂરપાટ આવતા બાઈક ચાલક ક્રુઝર ગાડીમાં પાછળથી ઘુસી જતા બાઈક ચાલક ૧૫ થી ૨૫ ફૂટ સુધી ફાંગોળાઈ ને ઘસડાયો હતો. જેના પગલે બાઈક ચાલકના શરીરે ઈજાઓ પહોંચતા તેણે ૧૦૮ મારફતે દાહોદના ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું. તેમજ આ માર્ગ અકસ્માતના બનાવમાં બાઈક પણ ભારે નુકસાન થયું હતું.

# દાહોદ સ્ટેશન રોડ ઉપર અજાણ્યા બાઈક ચાલકે પરીક્ષા આપવા જતાં વિદ્યાર્થીને અડફેટમાં લેતાં ગંભીર ઈજાઓ

દાહોદ,

દાહોદના સ્ટેશન રોડ ઉપર અજાણ્યા બાઈક ચાલકે પરીક્ષા આપવા જતા સાયન્સના વિદ્યાર્થીને અડફેટે લેતા વિદ્યાર્થીને ગંભીર ઈજાઓ પહોંચતા ઝાયડસ હોસ્પિટલ ખસેડાયો.

દાહોદ તાલુકાના ઉકરડી ગામના તિતરીયા ફળિયામાં રહેતો અને દાહોદની કોલેજમાં ધોરણ ૧૧ મા સાયન્સ કરતો વિદ્યાર્થી રમેશભાઈ નબળા ભાઈ મછાર આજે પેપર આપવા માટે દાહોદની કોલેજમાં આવ્યો હતો અને પેપર આપી પરીક્ષા પુરી થતા તે તેના ઘર ઉકરડી ગામે મોટર સાઈકલ લઈને જઈ રહ્યો હતો. તેવા સમયે સ્ટેશન રોડ ઉપર એક અજાણ્યો બાઈકનો ચાલક પૂરઝડપે અને ગફલત ભરી રીતે વાહન હંકારીને લાવતા અને વિદ્યાર્થીને અડફેટે લેતા તેને જમીન ઉપર પટકી અકસ્માત સર્જી અજાણ્યો બાઈક ચાલક ઘટના સ્થળે થી ફરાર થયો હતો. ત્યારે આજુબાજુમાં લોકો ભેગા થતા ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. વિદ્યાર્થીને માથાના ભાગરૂપે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને આ ઘટનાની જાણ તેના પરિવારને કરાઈ હતી અને પરિવારના લોકો ઝાયડસ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

# એક વર્ષથી વધુ સમયથી જમ્મુ જિલ્લામાં રહેતા લોકોને મતદાર તરીકે રજિસ્ટ્રેશન માટે વેરિફાય કરવા ડે.કમિશનરનો આદેશ

શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરમાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે અને આગામી એક મહિનામાં મતદાર સૂચિનું કામ પૂરું થવાની શક્યતા છે. આ બધા વચ્ચે જમ્મુના ડેપ્યુટી કમિશનર અવની લવાસાએ વોટર રજિસ્ટ્રેશન માટે નવો આદેશ બહાર પાડ્યો છે અને તમામ તહસીલદારોને નવા વોટર્સના રજિસ્ટ્રેશન અંગે આદેશ આપ્યો છે.

ડેપ્યુટી કમિશનર અવની લવાસાએ પોતાના આદેશમાં તમામ તહસીલદારોને કહ્યું છે કે એક વર્ષથી વધુ સમયથી જમ્મુ જિલ્લામાં રહેતા લોકોને મતદાર તરીકે રજિસ્ટ્રેશન માટે વેરિફાય કરવા. આ આદેશ મુજબ એક વર્ષથી વધુ સમયથી રહેતા લોકો નવા વોટર તરીકે રજિસ્ટર કરાશે અને જો કોઈ બહારની વ્યક્તિ પણ એક વર્ષથી વધુ સમય સુધી જમ્મુમાં રહેતો હોય તો તેને મતદારનો અધિકાર મળી શકે છે.

ચૂંટણી પંચ દ્વારા બહાર પડાયેલા દિશા નિર્દેશ મુજબ એક વર્ષ માટે પાણી/ વીજળી/ ગેસ કનેક્શન/ આધાર કાર્ડ, રાષ્ટ્રીયકૃત/ અનુસૂચિત બેંક/ પોસ્ટ ઓફિસની હાલની પાસબુક, ભારતીય પાસપોર્ટ, રાજસ્વ વિભાગનું કિસાન વહીખાતું સહિત ભૂમિ સ્વામિત્વ રેકોર્ડ, રજિસ્ટર્ડ રેન્ટ/લીઝ ડીડ (ભાડુઆત મામલે) અને પોતાના ઘરના કેસમાં રજિસ્ટર્ડ સેલ ડીડનો ઉપયોગ કરીને કોઈ પણ વોટર તરીકે રજિસ્ટ્રેશન કરાવી શકે છે. જમ્મુમાં પણ તેમાંથી કોઈ પણ દસ્તાવેજ રહેઠાણના પ્રમાણ તરીકે સ્વીકાર થઈ શકે છે.

બીજી બાજુ ડેપ્યુટી કમિશનર અવની લવાસાના આદેશનો વિરોધ પણ શરૂ થઈ ગયો છે. નેશનલ કોન્ફરન્સે વિરોધ નોંધાવતા કહ્યું કે મોદી સરકાર ૨૫ લાખ બિનસ્થાનિક લોકોને વોટર લિસ્ટનો ભાગ બનાવવાની છે અને તે માટે જ કવાયત થઈ રહી છે.

સૂત્રોના જણાવ્યાં મુજબ ઠંડીમાં ચૂંટણી યોજાવવાની શક્યતા નથી એટલે આવા સંજોગોમાં આગામી વર્ષે જ જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી થઈ શકશે. અત્રે જણાવવાનું કે મતદાર સૂચિને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે અને તે આગામી એક મહિનામાં પૂરી થવાની શક્યતા છે. જમ્મુ-કાશ્મીરમાં ૪ શ્રેણીઓમાં મતદારોની સંખ્યા વધી છે.

# દાહોદ તાલુકાના તરવાડીયા હિંમત ગામેથી એક મોટરસાઈકલની ચોરી

દાહોદ,

ગત તા.૦૪મી ઓક્ટોમ્બરના રોજ તરવાડીયા હિંમત ગામે પટેલ ફળિયામાં રહેતાં રમેશભાઈ ભીમજીભાઈ માલીવાડે પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે રમેશભાઈ ભીમજીભાઈ માલીવાડે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ : આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે. સંતાનો તરફથી પણ જે ચિંતાઓ રહી હતી તે આજે ઉકેલાશે તેવી અપેક્ષા છે.

વૃષભ : આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે નોકરી કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે.

મિથુન : આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે. પરંતુ ખર્ચ આવકના પ્રમાણમાં વધુ રહેશે.

કર્ક : આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો. સ્થળ પરિવર્તનનો સંદર્ભ મજબૂત અને સ્થાપિત થશે. નાણાકીય લાભ થશે, પરંતુ લાભ કરતાં વધારે ખર્ચને કારણે ઉદાસ રહેશો.

સિંહ : આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

કન્યા : આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઈચ્છિત સુખ અને ટેકો મળશે. સાંજથી રાત સુધી શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે.

તુલા : આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. બિનજરૂરી વિવાદોથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમને પરિવારના સભ્યો સાથે મુસાફરીનો આનંદ મળશે. શુભ ખર્ચ સાથે તમારી ખ્યાતિ વધશે.

વૃશ્ચિક : આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. કોઈ બાબતે ભાઈ-બહેનો સાથે તણાવ થઈ શકે છે. વ્યવસાયમાં સાથીઓ સાથે સંકલનના અભાવે તમે અસ્વસ્થતા અનુભવો છો.

ધનુ : આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારી લોકો સાથે મિલાપ વધશે. વેપારીઓ અને ભાગીદારો તરફથી પણ વ્યવસાયમાં સારું વાતાવરણ રહેશે.

મકર : આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે. આ સિવાય કફના લીધે શારીરિક પીડા થવાની સંભાવના રહેશે.

કુંભ : આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે. કોઈ જૂના મિત્ર સાથેની મુલાકાત આજે તમારા ચહેરા પર સ્મિત લાવશે.

મીન : આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઈચ્છો તો પણ રોકાણ કરી શકો છો. દિવસ થોડો વ્યસ્ત રહેશે, તેમ છતાં તમે કાર્યથી સંતુષ્ટ થશો. ધંધામાં લાભની સ્થિતિ સારી રહેશે. જો તમારા પૈસા ક્યાંક અટક્યા છે તો તે મળવાની સંભાવના રહેશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદમાં જીલ્લા ભાજપના કમલમ કાર્યાલયનું નિર્માણ કામ પુરૂ થતાં પત્રકાર પરિષદ યોજાઈ




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા ભાજપનું હાર્દસમુ સપનું કમલમ કાર્યાલયનું નિર્માણ પૂર્ણ થયું. જેમાં સૌ પ્રથમ દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકર આમલીયારએ પોતાને છેલ્લા ત્રણ વર્ષમાં મળેલી ભેટ તમામ કાર્યાલય નિધિ માટે અર્પણ કરી જયારે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને દાહોદ જિલ્લા માંથી મળેલ ભેટ તેમને દાહોદના કાર્યાલય નિધિ માટે અર્પણ કરી હતી અને તદ્દઉપરાંત ભાજપના બે લાખ પેજ સભ્યો જિલ્લાના લોકો વેપારીઓ સંગઠનના હોદ્દેદારોના સહયોગથી આ ભવ્ય કાર્યાલયનું નિર્માણ માત્ર નવ મહિનાના ટૂંકા સમગાળામાં થયું છે. જેનું ઉદ્દઘાટન ૧૪મી એ સવારે૧૧.૦૦ કલાકે ભાજપના ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના વરદ્દહસ્તે કરવામાં આવનાર છે અને ત્યાર પછી ૧૧.૩૦ કલાકે દાહોદ આર્ટસ અને કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ ઉપર એક સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી હોવાથી ભારતના દરેક જિલ્લામાં જિલ્લામાં પાર્ટીની કચેરી હોવી જોઈએ એવા વિચાર સાથે આ પ્રવાસ ૨૦૧૪ થી શરૂ થયો હતો. જયારે પ્રથમ સત્તાવાર બેઠક કમલમ ખાતે ગાંધીનગર ખાતે યોજાઇ હતી. મીટિંગ એજન્ડા સૂચિત બિલ્ડિંગના પ્લોટના સ્થાનને અંતિમ સ્વરૂપ આપવાનો હતો. અંતિમ આયોજના પ્રથમ વૈચારિક સ્તરે પ્રથમ બેઠક હોવાથી, મકાનને એવી રીતે ડિઝાઇન કરવાનું ધ્યાનમાં રાખ્યું હતું કે, જે ગામડાના આત્મા સાથે સ્થાનિક સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે અને તમામ આધુનિક સુવિધાઓ સાથે સુવિધાઓ પ્રદાન કરે છે. સ્થાનિક નેતાઓની ઘણી મીટિંગ્સ અને સૂચનો સાથે, અમે નવેમ્બર ૨૦૨૧ માં યોજનાને અંતિમ સ્વરૂપ આપ્યું, પ્લોટનું કદ કોઈપણ જમણા ખૂણાની ધાર વિના આશરે ૧૫૦૦૦ ચોરસફુટ છે. આ પ્લોટ ભૌમિતિક આકારની બહાર છે. જે ઉપયોગી ૫૦% થી વધુ ખુલી જગ્યા સાથે બિલ્ડિંગની રચના માટે પડકારજનક હતું. જે ભવિષ્યના આયોજન અને મોટા મેળાવડા માટે જરૂરી છે. ૧૫૦૦૦ ચો.ફૂટ વિસ્તાર માંથી બિલ્ડિંગ લગભગ ૬૫ x ૧૦૦ વિસ્તાર એટલે કે ૬૫૦૦ ચો.ફૂટ ગ્રાઉન્ડ કવરેજ ક્ષેત્રની રચના કરવામાં આવી છે. આ બિલ્ડિંગમાં બેસમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર, બીજો ફ્લોર અને ત્રીજો માળે મોટો એકત્રીત, સિક્યુરિટી કેબિન, કિચન બ્લોક અને પાર્કિંગનો સમાવેશ થાય છે. બેસમેન્ટ ફ્લોર આશરે ૧૮૦૦ ચો.ફૂટ સ્ટોરેજ એરિયા તરીકે જે સીડી અને એક અલગ માળ લિફ્ટ દ્વારા સુસજ્જ છે. ગ્રાઉન્ડ ફ્લોર જેમાં ડબલ ઊંચાઈના પ્રવેશ મંડપનો સમાવેશ થાય છે. જ્યાં મુલાકાતીઓને ભારત માતા, દીન દયાળ ઉપાધ્યાય અને શ્યામા પ્રસાદ મુખરજીની પ્રતિમા મળે છે. તેની બાજુમાં એક પ્રતીક્ષા ક્ષેત્ર છે, જે સ્થાનિક સંસ્કૃતિને પ્રદર્શિત કરે છે અને ગામની આત્માનો અનુભવ કરે છે. કેન્દ્રમાં પ્રતીક્ષા અને પ્રવેશ સિવાય, આ ઈમારત કેન્દ્રની અક્ષ સાથે બનાવવામાં આવી છે. જે મકાનને બે સમાન ભાગોમાં વહેંચે છે. જમણી બાજુ પ્રમુખ ખંડ (આશરે ૨૧૫ ચોરસ ફુટ)ની સાથે અલગ ચેમ્બર અને શૌચાલયનો સમાવેશ થાય છે. ત્યાં એક મીની કોન્ફરન્સ (આશરે ૫૫૦ ચોરસ ફુટ) ઓરડો છે, જેમાં આશરે ૩૦ વ્યક્તિઓ છે. ગ્રાઉન્ડ ફ્લોરની ડાબી બાજુ વહીવટ અને કમ્પ્યુટર રૂમ સાથે કાર્યલય મંત્રી કચેરી સાથે રિસેપ્શન છે. ત્યાં ત્રણ મહામંત્રી કચેરીઓ અને સામાન્ય બેઠક વિસ્તારવાળા મોરચા માટેની office છે. પ્રથમ માળે એક પુસ્તકાલય છે અને આશરે ૧૦૦ વ્યક્તિઓનો સભાખંડ જેનું નામ પૂજ્ય ઠક્કર બાપા સભાખંડ (આશરે ૧૧૫૦ ચોરસફુટ) અલગ પ્રવેશ અને બહાર નીકળો અને બીજી બાજુ ત્યાં તમામ સંબંધિત મોરચા અને જિલ્લા પ્રભારી કચેરી માટે offices છે. દ્વિતીય માળે ૩૫૦ લોકોની બેઠક વ્યવસ્થા ધરાવતું ગોવિંદ ગુરૂ ઓડિટોરિયમ છે. જ્યારે બિલ્ડિંગના દરેક ફ્લોર પર જેન્ટ્સ અને મહિલાઓ માટે અલગ શૌચાલય બ્લોકસનું નિર્માણ કરવામાં આવેલ છે.

આ મામલે દાહોદ જિલ્લા નવીન કાર્યાલય ભવન ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં મોટી સંખ્યામાં પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીયામાં આંખોનો મફત તપાસ સારવાર અને ઓપરેશન કેમ્પનું આયોજન કરાશે

દે.બારીયા,

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દે.બારીયા અને રીધમ ઈન્સ્ટીટયુટ, વડોદરાના સહયોગ થી એક ભવ્ય મફત સર્વ રોગ નિદાન કેમ્પ તેમજ સ્વૈચ્છિક રકતદાન શિબીર તથા આંખોનો મફત તપાસ સારવાર અને ઓપરેશનનું તા.૧૬/૧૦/૨૦૨૨ને રવિવારના રોજ સમય ૧૦ થી બપોર સુધી સ્થળઃ એમ.સી.મોદી હાઈસ્કુલ, દે.બારીયા ખાતે રાખવામાં આવેલ છે.

મળતી માહિતી મુજબ મફત સર્વ રોગ નિદાન કેમ્પ અને સ્વૈચ્છિક રકતદાન શિબિર, આંખોની મફત સારવાર સાથે જે પેશન્ટને ઓપરેશનની જરૂર હશે તેવા પેશન્ટને કેમ્પના દ્વારા મફત ઓપરેશનની સુવિધા આપવામાં આવશે. સર્વ રોગ નિદાન કેમ્પમાં સેવા આપનારા ડાંકટરોની આ મુજબ છે. (૧) અરવિંદ શર્મા– હૃદય રોગ નિષ્ણાંત, ડાયરેકટર રીધમ ગૃપ ઓફ હોસ્પિટલ, (૨) ડાં. નિરજ શાહ– ફિજીશીયન, તેજશ હોસ્પિટલ, વડોદરા, (૩) ડાં. શશાંક ભટ્ટ– સ્ત્રી રોગ નિષણાંત, ઉમા હોસ્પિટલ, દાહોદ, (૪) દ્રષ્ટિ નેત્રાલય, આંખોની તપાસ અને સારવાર દાહોદ, (૫) ડાં. દર્શક શાહ– પેટ તથા આંતરડાના રોગોના નિષ્ણાંત, રીધમ હોસ્પિટલ, વડોદરા, (૬) ડાં. હર્ષિત સોની– ફિજીશીયન, સોની હોસ્પિટલ, દે.બારીયા, (૭) ડાં. ભૌમિક શાહ– નાક, કાન, ગળાના સર્જન, એડવાન્સ ઈ.એન.ટી. હોસ્પિટલ, અમદાવાદ, (૮) ડાં. ચૈતસી બારીઆ–ફિજીયોથેરાપીસ્ટ, દે.બારીયા, (૯) ડાં. અમીત શાહ– ડેન્ટલ સર્જન, ગોધરા, (૧૦) ડાં. આશીષ કડકીયા– ફેંફસાના રોગોના નિષ્ણાંત, રિધમ હાર્ટ, વડોદરા, (૧૨) ન્યુ લાઈફ લેબોરેટરી, દે.બારીયા, (૧૩) ડાં. તરૂણ દેસાઈ– હાડકાંના રોગના નિષ્ણાંત, રિધમ હાર્ટ, વડોદરા, (૧૪) ડાં. રાહુલ ભાભોર– ચામડી રોગના નિષ્ણાંત, દેવ્યાંશી હોસ્પિટલ, દાહોદ, (૧૫) ડાં. નૈર્સગી શાહ, વાંક–ચૂકા દાંતના નિષ્ણાંત પાશ્વ ડેન્ટલ કેર ગોધરા, (૧૬) ડાં. હિમાંશુ કિકાણી, જનરલ સર્જન, રિધમ હાર્ટ, વડોદરા, (૧૭) ડાં. સ્વીજ એ.શાહ એમ.બી.એમ.ડી.– સ્કીનેન્ડ વી.ડી., ગોધરા, (૧૮) ડાં. અંકિત દાણી– બાળ રોગ નિષ્ણાંત, ગોધરા, (૧૯) ડાં. આર.ઓ. શેઠ– ફિજીશીયન, ડાં.શેઠનું લીમડાવાળું દવાખાનું, દે.બારીયા, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, રકતદાન કેમ્પ, ગોધરા ઉપરોકત તમામ રોગોના માટે કેમ્પનું આયોજન છે. તો તેમાં જરૂરતમંદ પેશન્ટોને ભાગ લેવા માટે અનુરોધ કરવામાં આવે છે.

(૧) His Holimess Syedna Mufaddul Saifuddin યુસુફઅલી અહેમદઅલી દારૂવાળા, (૨) પ્રદિપભાઈ ગોપાલભાઈ કડકીયા, (૩) ડાં. જવલંત રોનક શેઠ, (૪) ડાં. હર્ષિત સોની, (૫) ચિરાગભાઈ શેઠ– ક્રિષ્ણા મેડીકલ, (૬) બારીયા મેડીકલ સેવા ટ્રસ્ટ (ભુરા શેઠ) આ તમામ મહાનુભાવોના સૌજન્ય થી આ કેમ્પનું આયોજન થવા પામશે. તે દે.બારીયા શહેરના અને તાલુકાના ગ્રામ્યમાં વસતા જનતા માટે છે.

# ઝાલોદ નગરપાલિકા દ્વારા બસ સ્ટેશન રોડ થી મુવાડા ચોકડી સુધી ડિવાઈડર બનાવવાની કામગીરી ચાલુ કરાઈ



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ બસસ્ટેશન વિસ્તારમાં બસસ્ટેશન થી મુવાડા ચોકડી સુધી ડિવાઈડર બનાવવાનું કામગીરી ચાલુ કરેલ છે. જ્યારે બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ આખો તુટી ગયેલ રોડને આર.સી.સી બનાવવામાં આવનાર છે, તેવું સાંભળવા મળ્યું છે. ઝાલોદ નગરમાં બસ સ્ટેશન વિસ્તારનો રોડ ટ્રાફિક થી ધમ ધમતો વિસ્તાર છે. જો અહીંયાં રોડની આજુબાજુ દબાણ સર્જાશે તો ટ્રાફિક જામના દ્રશ્યો વારંવાર સર્જાશે, રોડ પર ડિવાઈડર બનાવવાનો નગર પાલિકાનો વિચાર સારો છે પણ ટ્રાફિક પોલિસ અને દબાણ શાખા જો પૂરતું ધ્યાન આપે તોજ આ શકય છે. નગરમાં બસ સ્ટેશન થી ઠુંઠી કંકાસિયા રોડ પર ડિવાઈડર બનાવેલ છે, પરંતુ રોડ પર દબાણકારોનો રાફડો ફાટેલ હોવાથી આ વિસ્તારમાં કેટલીયવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આ પ્રત્યે નગરની દબાણ શાખા પૂરતું ધ્યાન આપે તે જરૂરી છે અને પોલીસને સાથે રાખી તહેવારોમાં ટ્રાફિકજામના થાય તેની તકેદારી રાખવી જોઈએ તેવી લોકચર્ચા નગરમાં થઈ રહેલ છે.

બીજી બાજુ નગરમાં હાલ દરેક વિસ્તારોના રોડની હાલત ખખડધજ જોવા મળી રહેલ છે. તો કેટલાય સમયથી નગરના લોકો નવાં રોડ માટેની આશા રાખીને બેઠા હતા, પરંતુ નગરપાલિકા દ્વારા હાલતો નગરમાં તૂટેલા રોડ પર થીગડા મારવાનું કામ ચાલુ કર્યું છે. જેથી નગરમાં આ કામગીરીને લઈ અસંતોશ જોવાઈ રહેલો મળી રહેલ છે.

# સંજેલીના કરંબા ગામે નલ સે જલ યોજનાનું લોકાર્પણ દંડક રમેશભાઈ કટારાના હસ્તે કરાયું



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી


સંજેલી,

ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક ગામ માં ઘર દીઠ પીવા ના શુદ્ધ પાણી માટે નળ કનેકશન આપી નલ સે જલ યોજના અમલમાં મૂકી છે. જેની દરેક ગામમાં કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં સંજેલી તાલુકાના કરંબા ગામે નલ સે જલ યોજનાની મંજુરી મળી હતી. જેમાં ૪૬.૪૧ લાખ ના ખર્ચે ૩૨૫ જેટલા નળ કનેકશન આપવામાં આવ્યા હતા.

તળાવ અને કૂવા માંથી ઈરીગેશન કરી પાણી આપવાની શરૂઆત કરાઈ હતી. ગુજરાત વિધાનસભાના દંડક અને ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય રમેશભાઈ કટારાના હસ્તે ફળ વધેરીને નલ સે જલ યોજનાનું લોકાર્પણ કરાયું હતું. દરેક ઘર સુધી નળ થી પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે અંતર્ગત અંદાજીત ૪૬.૪૧ લાખના ખર્ચે ૩૨૫ નળ કનેકશનનું લોકાર્પણ કર્યું હતું. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ યોજના હેઠળ પ્રજા ની સુવિધાઓ પૂર્ણ કરી રહી છે.

આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ, ગામના આગેવાન જગદીશભાઈ પરમાર, સભ્યોઓ, જિલ્લા તેમજ તાલુકાના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીયા તાલુકાના પીપલોદ ગામના ટાંડી ફળિયા સહિતના અનેક ફળિયાના લોકોને અંતિમધામ પહોંચવા માટે રસ્તાના અભાવે ડાઘુઓને પહોંચવા પડતી અગવડતાઓ





દે.બારીયા,

દે.બારીયા તાલુકાના પીપલોદ ગામના છ જેટલા ફળીયાના ડાઘુઓને અંતિમધામ નનામી લઈને જવું એક કોયડા સમાન સાબિત થઈ રહ્યું છે. અનેક રજુઆતો છતાંય પણ સ્થાનિક તંત્રથી લઈ નેતાઓને રસ્તો બનવવામાં કોઈ રસ ન હોવાનું પ્રતીત થઈ રહ્યું છે.

દે.બારીઆ તાલુકાના અનેક ગામોમાં અંતિમધામ નનામી લઈને જતા ડાઘુઓ માટે રસ્તાની સગવડના હોઈ તેમ જોવાઈ રહ્યું છે. ત્યારે પીપલોદ ગામમાં અંદાજે ૧૬૦૦૦ થી વધુ વસ્તી ધરાવતું નગર છે. અંતિમ ધામમાં દુર્દશાના લીધે આ ગામમાં પણ આવી જ હાલત થવા પામી છે. જેમાં પીપલોદ ગામના ટાંડી ફળીયા સહિતના છ જેટલા ફળિયાના અંદાજે ૬૦૦૦ જેટલી વસ્તી આવેલી છે અને તે ફળિયાના લોકોને તળાવ ઉપર અતિમક્રિયા માટે જવું પડે છે. ત્યારે આ ડાઘુઓ રસ્તા વગર નનામી લઈ અંતિમધામ પહોંચવામાં અનેક અગવડતાઓ ઉભી થવા પામી છે. ત્યારે અહીંનું સ્મશાન પણ પડું પડું જેવી સ્થિતિમાં હોવાથી અંતિમ સંસ્કાર પણ ખુલ્લામાં કરવાની ફરજ પડી રહી છે. ત્યારે આ રસ્તાને લઈ અનેક રજૂઆતો કરવા છતાં પણ આ રસ્તો બનાવવામાં તંત્રને કોઈ રસ ના હોઈ તેમ જોવાઈ રહ્યું છે ત્યારે આ ડાઘુઓની માંગ છે. કે વહેલી તકે આ અંતિમધામ સુધીનો રસ્તો બનાવવામાં આવે છે.

# દાહોદ માં ગાયત્રી બી.એડ. કોલેજ ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજયો



દાહોદ,

ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ દ્વારા માઁ ગાયત્રી બી.એડ. કોલેજ દાહોદ ખાતે ગ્રાહક જાગૃતિ અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો. ગ્રાહક જાગૃતિ અંગે કાર્યક્રમ માં–ગાયત્રી બી.એડ. કોલેજ દાહોદના તાલીમાર્થીઓ સમક્ષ લોભામણી જાહેરાતથી છેતરાવુ નહીં, બીલ લેવાનો આગ્રહ રાખવો, સરકાર દ્વારા માન્ય સ્ટાન્ડર્ડ માર્કા સાથેની ઉચ્ચ ગુણવત્તાની વસ્તુઓ ખરીદવા સમજૂતિ કમલેશ સુથાર તેમજ ડો.જીતેન્દ્ર પંચાલે આપી હતી. મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ હાજરી આપી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડો.અશોક તિવારી તથા દરેક અદયાપકોએ ગ્રાહક જાગૃતિ કાર્યક્રમને આવકાર્યો હતો.

# ડામોર ફળિયા વર્ગ અભલોડ પ્રાથમિક શાળાના શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના ડામોર ફળિયા વર્ગ અભલોડ પ્રા.શાળામાં ફરજ બજાવતા નરેશકુમાર જીવણલાલ પંચાલ ચાલુ સત્રમાં વય નિવૃત્ત થતાં તેમના પરિવાર આયોજિત વિદાય સમારંભ પ્રસંગ પાર્ટી પ્લોટ દાહોદ ખાતે યોજાયો. આ પ્રસંગે પરમ વંદનીય સંત સુરેશદાસજી મહરાજ, દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુરભાઈ પારેખ, દાહોદ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ તથા સામાજિક આગેવાનો, હોદ્દેદારો, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દદારો, ટીચર્સ કો.સો.ના ચેરમેનઓ તથા શિક્ષકમિત્રો અને સગાસંબંધીઓ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુરભાઈ પારેખ દ્વારા જણાવાયું કે શિક્ષક નિવૃત્ત થયા પછી મળવાપાત્ર લાભો સમય મર્યાદામાં મળી જાય એવા પ્રકારની સજજતા વહીવટી તંત્ર દ્વારા કરાઈ રહી છે. નિવૃત્તિ લેનાર શિક્ષક પંચાલ નરેશભાઈ ના કાર્યકાળની કામગીરી ને બિરદાવી અને શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપસ્થિત મહાનુભવો એ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. સંત સુરેશદાસજી મહરાજ દ્વારા આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુરેશભાઈ પંચાલે કર્યું હતું.

# વાસંદાના કોંગ્રેસી ધારાસભ્યો પર થયેલા હીચકારા હુમલાના વિરોધમાં મામલતદારને આવેદન



દાહોદ,

દક્ષિણ ગુજરાતનાં આદિવાસી નેતા તેમજ વાસંદા વિધાનસભાના ધારાસભ્ય અંનત પટેલ પર ગત રોજ નવસારી જિલ્લાના ખેરગામ ખાતે ભાજપના હોદ્દેદારો દ્વારા હીંચકારો હુમલો કરતા રાજ્યના રાજકારણમાં ખળભલાટ મચી જવા પામ્યો છે. સાથે સાથે કોંગ્રેસી ધારાસભ્ય પર કથિત રીતે થયેલા હુમલાના પગલે એક તરફ આદિવાસી સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. ત્યારે બીજી તરફ કોંગ્રેસ પક્ષમા પણ નારાજગીનો દોર જોવા મળી રહી છે. ત્યારે ધારાસભ્ય પર થયેલા હુમલાના વિરોમાં ગરબાડા વિભાનસભાના ધારાસભ્ય દ્વારા આજરોજ મામલતદારને આવેદન પાત્ર પાઠવી દોષીતો સામે કાર્યવાહીની માંગ કરી હતી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવતા દિન પ્રતિદિન રાજકીય સમીકરણો પણ બદલાતા જોવા મળી રહ્યા છે. છેલ્લા ૨૭ વર્ષથી સત્તા સ્થાને રહેલી બીજેપી આગામી ચૂંટણીમાં સત્તા ટકાવી રાખવા પુરી તાકાત કામે લગાડી દીધી છે. ત્યારે લાંબા સમયથી વનવાસ ભોગવી રહેલી કોંગ્રેસ પણ સત્તા ઉપર કાબીજ થવા માટે કમરકસી છે. ત્યારે આ બન્નેના ત્રીજા વિકલ્પ તરીકે આ વખતે પ્રથમ વખત આમ આદમી પાર્ટી પણ ચૂંટણીના મેદાનમાં ઝંપલાવ્યુ છે. રાજકીય પક્ષો દ્વારા સત્તા પર આવવા માટે મેન પાવર તેમજ મસલ્સ પાવરનો ઉપયોગ ઘણા ખરા કિસ્સાઓમાં જોવા મળે છે. ત્યારે ન્યાય તંત્રને સર્મશાર કરતો આવોજ એક કિસ્સો દક્ષિણ ગુજરાતનાં નવસારી જિલ્લામાંથી સામે આવ્યો છે. જેમાં વાસંદા વિધાનસભા બેઠક પરથી ચૂંટાયેલા કોંગ્રેસી ધારાસભ્ય અંનત પટેલ ગાંધીનગર ખાતે PCCની મિટિંગ પૂર્ણ કર્યા બાદ પોતાના વતન વાસંદા ખાતે જઈ રહ્યા હતા. તે રસ્તામાં નવસારી તાલુકાના ખેરગામ ખાતે અગાઉથી જ પૂર્વ સુનિયોજિત કાવત્રાના ભાગરૂપે હુમલાની તૈયારી કરીને ઉભેલા નવસારી જિલ્લા પંચાયતના પ્રમુખ ભીખુભાઈ આહીર દ્વારા અનંત પટેલની ગાડી થોભાવી એમના ઉપર હિંચકારો હુમલો કરાતા કોંગ્રેસ સહીત સમગ્ર રાજ્યમાં ચકચાર મચી જવા પામી છે. દક્ષિણ ગુજરાતનાં કદ્દાવાર અને મજબૂત ગણાતા આદિવાસી નેતા તેમજ કોંગ્રેસી ધારાસભ્ય પર થયેલ હુમલાના પગલે આદિવાસી સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. ત્યારે બીજી તરફ કોંગ્રેસમાં પણ ભારે નારાજગી જોવા મળી રહી છે. ત્યારે આજરોજ દાહોદ જિલ્લાના ગરબાડા વિધાનસભાના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયાના નેતૃત્વમાં મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકર્તાઓ આજરોજ મામલતદારને આવેદન પાઠવી દોષિતો સામે કડક કાર્યવાહી કરવા સજાની માંગણી કરી હતી. આ સંદર્ભે ભાજપ ઉપર આક્ષેપો કરતા ચંદ્રિકાબેન બારીયાએ જણાવ્યું હતું કે, ભાજપના નેતાઓ હવે ચૂંટણીમાં વિજય મેળવવા અને પ્રજા ઉપર ધાક જમાવવા આવી નિમ્ન સ્તરની રાજનીતિ આંચરી રહ્યું છે. જે ખુબ નિંદનીય છે પ્રજામાં સરકારના અઢી દાયકાના ગેરવહીવટ અને પ્રજા વિરોધી સાશન પ્રત્યે ભારે રોષ વ્યાપી ગયો છે. ચૂંટણી પહેલા હાર પારખી ગયેલી ભાજપ હવે હતાશ થઈ ગઈ છે, કોઈ પણ પ્રકારે પ્રજા ઉપર ધાક જમાવી ફરીથી એકવાર સત્તા હડપી લેવા હવાતિયાં મારી રહ્યા છે. જે હલકી કક્ષાની રાજનીતિનો જીવતો જાગતો નમૂનો છે. તેમને જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતનાં મજબૂત આદિવાસી નેતા તેમજ કોંગ્રેસના કદ્દાવાર નેતા અંનત પટેલના પ્રચંડ જન સમર્થનને જોઈ ભાજપ બેબાકળું થઈ ગયું છે. જેને લઈ ને આદિવાસી સમાજ તેમજ કોંગ્રેસમાં ભારે નારાજગી છે. જે ન્યાયતંત્રની તદ્દન વિપરીત છે. આવી રીતે લોકશાહીનું હનન કરનારા તત્વો સામે કડક કાર્યવાહી થવી જોઈએ આવા દોષિતો સામે આવનારા સમયમાં કાર્યવાહી નહી થાય તો કોંગ્રેસ જલદ આંદોલન કરશે તેવી ચીમકી પણ ચંદ્રિકાબેન બારીયા એ ઉચ્ચારી હતી.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

તા.૧૧-૧૦-૨૦૨૨ ને મંગળવારના રોજ ઝાલોદ તાલુકાની વેલપુરા પ્રાથમિક શાળામાં ગામમાંથી સૌ પ્રથમ કાન્તાબેન દિલિપભાઈ ડામોર દ્વારા તેમના પતિ સ્વ.દિલીપભાઈ કાળુભાઈ ડામોરના સ્મરણાર્થે શાળાના બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું અને ફુલસ્કેપ સાઈઝ નોટબૂક્સ, પેન તથા પેન્સિલનું વિતરણ કરવામાં આવ્યું.

# ઝાલોદ પોલીસ ધાવડીયા ચેક પોસ્ટ ઉપર થી કારમાં લઈ જવાતો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

ઝાલોદ,

ઝાલોદ પોલીસ નાઈટ પેટ્રોલીંગમાં હોય દરમિયાન બાતમીના આધારે ધાવડીયા ચેક પોસ્ટ ખાતે વોચ ગોઠવી ફોર વ્હીલ કાર માંથી ૪૮,૯૬૦/–રૂપીયાના ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ઝાલોદ પોલીસ પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, ફોર વ્હીલ ગાડી નંબર જીજે.૦૬.જેઈ.૬૭૧૦માં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈને ધાવડીયા ચેક પોસ્ટ ઉપર થી પસાર થનાર છે. તેવી બાતમીના આધારે ઝાલોદ પોલીસે વોચ ગોઠવીને બાતમીવાળી કારને રોકી ચેકીંગ કરતા ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ–૬ કિંમત ૪૮,૯૬૦/–રૂપીયા અને કાર મળી ૨,૪૮,૯૬૦/– રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ઝાલોદ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.46

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા પ્રભાકુંજ સોસાયટીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

- ઘર માંથી કંઈ નહિ મળતા તોડફોડ કરી નુકશાન કર્યું.
- રાત્રીના સમયે ચોરી કરી નિકળતા તસ્કરો CCTVમાં કેદ થયા.









ગોધરા,
ગોધરા શહેર પોલીસ ચોકી નં.૮ વિસ્તાર પ્રભાકુંજ સોસાયટીમાં રાત્રીના સમયે ચોર ઈસમોએ બે ઘરોને નિશાન બનાવી ચોરીની કોશીષ કરી ઘરમાં કંઈ નહિ મળતા તોડફોડ કરીને ઘર માંથી નિકળતા ચોરો સી.સી.ટીવીમાં કેદ થયા.

ગોધરા શહેરના પોલીસ ચોકી નં.૮ વિસ્તારમાં પ્રભાકુંજ સોસાયટીમા રહેતા ગોપાલભાઈ ગાંધીના ઘરની બાજુના બે ઘરોને રાત્રીના સમયે તસ્કરોએ નિશાન બનાવી ચોરીની કોશીષ કરી ચોર ઈસમોએ જે ઘરોમાં ચોરીની કોશીષ કરી હતી અને ઘરમાં ટી.વી., એન્ડ્રોય મોબાઈલ તથા અન્ય ફ્રીઝમાં રાખેલ સુકા મેવા સિવાય અન્ય કોઈ ચીજ વસ્તુ નહિ મળી આવતા ચોર ઈસમોએ તોડફોડ કરીને ઘરમાં સામાન વેરવિખેર કરવામાં આવ્યો હતો. જે ઘરને ચોર ઈસમો એ નિશાન બનાવ્યું તે પરિવાર હરિદ્વાર પ્રવાસે ગયો હોય જેને લઈ બંધ મકાનને તસ્કરો નિશાન બનાવ્યું હતું. ચોર ઈસમો ચોરી કરી ઘર માંથી બહાર નિકળતા તસ્કરો સી.સી. ટીવી કેમેરામાં કેદ થયા છે. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી સી.સી.ટીવી ફુટેઝના આધારે ચોર ઈસમોને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## પંચમહાલ જીલ્લા મહેસુલી અધિકારીઓ પાસેના હુકમોની અમલવારી કરવામાં આવે તેવી પ્રજામાં માંગ ઉઠવા પામી

ગોધરા,
ગુજરાત સરકાર મહેસુલ વિભાગ પરિપત્ર ક્રમાંક એલ.આર.સી./૧૦૨૦૧૬/૦૮/૦૧/એસ.એમ.સી. સચિવાલય ગાંધીનગર/તા.૨૨/૧૧/૨૦૧૬ના આદેશોનું અનાદાર કર્તા પંચમહાલ જીલ્લાના અધિકારી પાસેથી જણાવેલ પરિપત્ર બાબતે જો ચકાસ કરી કરાવવામાં આવે તો કેટલાક પંચમહાલ જીલ્લામાં કેટલાક હુકમોની નોંધો સુપ્રિમ કોર્ટ તથા મહેસુલ વિભાગના હુકમ કરનાર મહેસુલી અધિકારી કચેરીના નિયત જવાબદાર અધિકૃત અધિકારીઓ દ્વારા હુકમી ફેરફાર નોંધ સીધી રીતે તેમના વહીવટી નાતે ઈલેક્ટ્રોનિક રીતે દાખલ કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જે બાબતે ગુજરાત સરકાર દ્વારા આ અમલવાળી ના થવાનું દયાને આવતા સરકારશ્રી નારાજગી વ્યકત કરેલ છે. આમ, સરકારશ્રીની જોગવાઈઓ જે હુકમોની અમલવારી ગામ નમુના નંબર–૬ માં કરવાની રહેતી હોય તેવા તમામ હુકમો માટેની ફેરફાર નોંધો હુકમ કરનાર અધિકારીએ ફરજીયાત રીતે ઓનલાઈન દાખલ કરવાની રહેશે. તેવી સુચનાઓ કડક આપેલ હોવા છતાં પંચમહાલ જીલ્લા કલેકટરના મહેસુલ અધિકારીઓએ તથા ઈ–ધરા અધિકૃત કરેલ કર્મચારીઓ દ્વારા આવી હુકમી નોંધો જો ગુજરાત સરકાર મહેસુલી તપાસણી કમિશ્નર પોતે પંચમહાલ જીલ્લાના કલેકટર પાસે અહેવાલ માંગવામાં આવે તો કેટલીક સરકારશ્રીની તેમજ ગરીબ પ્રજાના હુકમોની તમામ વિગતો બહાર આવે તેમ છે. આમ, શ્રી સરકારના ૨૪/૦૪/૨૦૧૫મા ૧ થી ૯ બાબતે પણ અમલવાળી પંચમહાલ જીલ્લા કલેકટરના અધિકારીઓ અધિકૃત કરેલ કર્મચારીઓ દ્વારા મહેસુલી રાહે કાર્યવાહી આદેશો અનુસાર કરી કરાવવાનું જણાવેલ હોવા છતાં કોઈ કાર્યવાહી કરી કરાવવામાં આવતી નથી.

વધુ ગુજરાત સરકાર હુકમી અધિકારીએ નોંધો દાખલ કરવાનું ફરજીયાત પાને તા.૧/૪/૨૦૧૭ તથા તા.૧/૧/૨૦૧૭ પહેલા જે હુકમો થયેલ હોય તેની ફેરફાર નોંધો પણ ફરજ પરના અધિકારીએ દાખલ કરવાની રહેશે. તેમજ પ્રાદેશિક ફેરફાર થતા જીલ્લા તાલુકા વિભાજન થતા પહેલાની ફેરફાર નોંધો હાલ જે જીલ્લા તાલુકા અમલ હોય તે સંબંધિત અધિકારીએ દાખલ કરવાની રહે તેઓ શ્રીસરકારનો સખત થી સખત આદેશોનું પાલન ઈ–ધરા પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરાના મહેસુલી અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા અમલ કરી કરાવવામાં આવતું નથી.

આમ, સુચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે નિશ્ચિત કરવાનું રહે જે બદલની પ્રોજેકટ ઓફિસર સ્ટેટ મોનિટરીંગ સેલ લેન્ડ રેકર્ડ કોમ્પ્યુટરાઈઝેશન મહેસુલ વિભાગ ગાંધીનગર મુખ્ય વિભાગના આદેશો અનુસાર યોગ્ય જરૂરી આજ્ઞા અનુસાર ગુજરાત સરકારશ્રીના (આઈ.એ.એસ.) અધિકારીઓ, (૨) મહેસુલ તપાસણી ગાંધીનગર, (૩) સી.આઈ.એ. એન.આઈ.સી. ગુજરાત સ્ટેટ સેન્ટર ગાંધીનગર તરફ આદેશો અનુસારની નકલ રવાના કરેલ છે.

આમ, પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા મહેસુલી અધિકારીઓ અધિકૃત કરેલ કર્મચારીઓ તા.૧/૪/૨૦૧૭ના આદેશો આપેલ હુકમોની તપાસ કરવામાં આવે તો ગોધરાના કેટલાક ભૂમાફિયા દલાલો, એજન્ટો મારફતે ગોધરા ઈ–ધરા અધિકૃત કરેલની ગ્રામ્યની તમામ તથા અધિકારીઓએ નહી કરેલ અમલવાળી ગરીબ પ્રજાની બહાર આવે તેમ છે. જેથી તા.૧/૪/૨૦૧૭નો અહેવાલોના હુકમો ઓનલાઈન હોવા છતાં અમલવાળી પંચમહાલ જીલ્લા કલેક્ટર ગોધરા તથા મહેસુલી તપાસણી કમિશ્નર પાસે માંગવામાં આવે તો કેટલીક ગેરરીતિઓ બહાર આવે તેમ છે.

## ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા કાંકણપુર કોલેજમાં ભાઈઓની ખોખો ટુનામેન્ટ યોજાઈ



ગોધરા,
ગોધરા તાલુકાની કાંકણપુર ખાતે આવેલ જે.એલ.કે કોટેચા આર્ટસ અને મતી એસ.એચ ગાર્ડી કોમર્સ કોલેજ દ્વારા આયોજિત આ ખો–ખોની રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય કરી તેમજ ટોસ ઉછાળી વિધિવત રીતે ટુર્નામેન્ટનું ઉદ્દઘાટન કરાવ્યું હતું.

કાંકણપુર કોલેજના આચાર્ય ડો.જે.એન શાસ્ત્રી શાબ્દિક પ્રવચન કર્યું હતું અને સૌને આવકાર આપ્યો હતો. ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેક્ટર પ્રો. અશ્વિનભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને રમત વિશે સમજ આપી હતી. આ પ્રસંગે સૌ મહેમાનોનું સુતરની આટીથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. પ્રતાપસિંહજી ચૌહાણે અદયક્ષીય પ્રવચન કરતા સૌ ખેલાડીઓને હારીને પણ કેવી રીતે જીતી શકાય અને જીતેલા ઉમેદવારોને કેવી ખેલ દિલથી શુભેચ્છા પાઠવી શકાય તેની સમજણ આપી હતી. આ ટુર્નામેન્ટમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ૨૪ જેટલી કોલેજોએ પ્રવેશ મેળવ્યો હતો અને તેમાં ૩૦૦ વિદ્યાર્થીઓએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. કોલેજની ખો–ખોની ટીમને તૈયાર કરવાનું કામ કોલેજના ગ્રંથપાલ શૈલેષ પટેલે કર્યું હતું. આ ટુર્નામેન્ટમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગના કો.ઓર્ડીનેટર ડો.નરસિંહ પટેલ અધ્યાપક મંડળના પ્રમુખ અને અધ્યાપકોના સાથી ડો. મહાવીર સિંહ ડાભી, ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેરના કો.ઓર્ડીનેટર ડો.મહેશ રાઠવા, રતનપુર હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય અને પી.ટી. ટીચર બી.એફ પાદરીયા વગેરે મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીની વિવિધ કોલેજોના ૨૪ સ્પોર્ટ્સ ડાયરેક્ટર્સ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આ સંચાલન કાકણપુર કોલેજના સંસ્કૃતિ ભાગના પ્રોફેસર ડો.પ્રવીણ અમીને કર્યું હતું અને અંતે મુખ્ય મહેમાન ડો.પ્રતાપસિંહજી ચૌહાણ યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેક્ટર અશ્વિનભાઈ પટેલ, રતનપુર હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય પાદરીયા સૌ વિવિધ કોલેજોના સ્પોર્ટ્સ ડાયરેક્ટરો તેમજ ૩૦૦ જેટલા ખેલાડીઓ અને વ્યવસ્થાપક કમિટીમાં જોતરાયેલા જીતુભાઈ ચૌહાણ અને ઈતિહાસ વિભાગના પ્રોફેસર ડો.સાબત પટેલ કેટરિંગ અને ફરાસખાના તેમજ કેમેરામેન અને કોલેજના સહયોગી અધ્યાપક કે.જી. ચંદાણા, એસ.એસ. રખિયાણીયા, જે.એલ પટેલ તેમજ પધારેલ મહેમાનો ડો.પ્રવીણ અમીને આભાર વ્યક્ત કર્યો હતો.

## હાલોલ રૂલર પોલીસ મથકના પ્રોહિબીશનના ગુનામાં વોન્ટેડ આરોપીને બાસ્કા ખાતેથી એલ.સી.બી.પોલીસે ઝડપ્યો

હાલોલ,
હાલોલ પોલીસ મથકના પ્રોહિબીશનના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને બાસ્કા પાસેથી એલ.સી.બી.પોલીસે ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ રૂલર પોલીસ મથકના ૨૦૧૯ના પ્રોહિબીશનના ગુનાનો આરોપી સ્વામીદાસ ભુપેન્દ્રભાઈ પટેલ (રહે. શીવાલય બંગલો, વાઘોડીયા) નાસતો ફરતો વોન્ટેડ હોય આરોપી અંગે એલ.સી.બી. પોલીસને બાતમીના આધારે બાસ્કા ત્રણ રસ્તા પાસેથી ઝડપી પાડીને હાલોલ રૂલર પોલીસને સોંપવામાં આવ્યો.

## શહેરા પોલીસ મથકના પ્રોહી.ના ગુન્હામાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને LCB પોલીસે બસ સ્ટેન્ડ પાસેથી પકડી પાડ્યો



શહેરા,
પંચમહાલ જિલ્લાના શહેરા પોલીસ મથકે વર્ષ ૨૦૧૦માં રાજસ્થાન ડુંગરપુરના સીમલવાડા તાલુકાના બાદેલા ખાતે રહેતા દિનેશચંન્દ્ર તારાચંદ લબાના સામે પ્રોહીબિશનની જુદી–જુદી કલમો હેઠળ ગુનો નોંધાયા બાદ દિનેશચંન્દ્ર લબાના પોલીસને ચકમો આપી છેલ્લા ૧૨ વર્ષથી નાસતો ફરતો હતો. ત્યારે પ્રોહીબિશનના ગુન્હામાં નાસતો ફરતો વોન્ટેડ આરોપી દિનેશચંન્દ્ર શહેરા બસ સ્ટેન્ડમાં આવેલ હોવાની બાતમી પંચમહાલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ ઈન્સપેક્ટર જે.એન.પરમારને મળી હતી. જે બાતમીના આધારે પોલીસ સબ ઈન્સપેક્ટર ડો.એમ.એમ.ઠાકોર તેમજ એસ.આર.શર્મા સહિતના સ્ટાફે શહેરા બસ સ્ટેન્ડ ખાતે પહોંચી વોચ ગોઠવી ત્યાં ઉભેલ વોન્ટેડ આરોપી દિનેશચંન્દ્ર લબાનાને ઝડપી પાડી હસ્તગત કરી આગળની કાર્યવાહી માટે શહેરા પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

## ધર્મ પરિવર્તન : જાંબુઘોડાના જુનીભાટ ગામે ૩ પરિવારોએ હિન્દુ ધર્મમાં વિધિવત ઘરવાપસી કરી



જાંબુઘોડા,
પંચમહાલમાં આદિવાસી વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષો થી શૈક્ષણિક સંસ્થાની આડમાં આદિવાસી હિંદુઓને ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતરણ કરવાનો મુદ્દો ગરમાયો છે. હાલમાં જ અહીં ૩ જેટલા પરિવારના ૧૨ જેટલા સભ્યો હિન્દૂ ધર્મમાં વિધિ વિધાન સાથે પરત ફરી ઘર વાપસી કરી હતી.

પંચમહાલના જાંબુઘોડા સહિતનો જે આદિવાસી અને જંગલ વિસ્તાર છે કે જ્યાં વર્ષો અગાઉ શિક્ષણ માટે કોઈ પણ વિકલ્પ નહોતો ત્યારે આવા વિસ્તારોને ટાર્ગેટ કરી કેટલીક ખ્રિસ્તી ધર્મની શૈક્ષણિક સંસ્થાઓએ આ વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ વધારી સ્થાનિક આદિવાસી વિદ્યાર્થીઓને ખ્રિસ્તી ધર્મની પ્રાર્થના સહિત ની ધાર્મિક ગતિવિધિઓમાં ભાગ લેવડાવી આ તમામ વિદ્યાર્થીઓ સહિત તેમના પરિવારોને પણ ખ્રિસ્તી ધર્મમાં આવરી લેવામાં આવ્યા હતા. આ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો મૂળ હિન્દૂ આદિવાસી સંસ્કૃતિ સાથે સંકળાયેલા હતા જેનોનું તેઓની અજ્ઞાનતાને કારણે ખ્રિસ્તી ધર્મની સંસ્થાઓએ ખૂબ જ મોટાપાયે ધર્માંતરણ કરાવ્યું હતું. આ સમગ્ર મામલો સ્થાનિક હિંદુ સંગઠનો અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના ધર્મ જાગરણ મંચ ના દયાને આ તમામ ધર્માંતરણ પામેલા પરિવારોને હિન્દૂ ધર્મ અને સંસ્કૃતિનું મહત્વ સમજાવી અને આદિવાસી સમાજ હિન્દૂ સમાજનો અભિન્ન અંગ હોવાનું માર્ગદર્શન આપી ૩ જેટલા પરિવારોને પોતાના મૂળ હિંદુ સનાતન ધર્મમાં ઘર વાપસી કરાવી હતી.

આ તમામ પરિવાર હાલોલ તાલુકા ના શિવરાજપુર નજીક જૂની ભાટ ગામ ના હતા. જે ૩ પરિવાર ના અંદાજીત ૧૨ જેટલા સભ્યોને ગાયત્રી યજ્ઞ કરાવી મંત્રોચ્ચાર સાથે શુદ્ધિકરણ કર્યા બાદ ખ્રિસ્તી ધર્મ માંથી હિન્દૂ ધર્મમાં ઘર વાપસી કરાવી હતી.

## ગોધરા લીલેસરા રોડ ખાતે રહેતી મહિલા પતિ સાથે સામાન્ય બોલાચાલીમાં ઘરેથી નિકળી ગુમ થતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા લીલેસરા રોડ તળાવની પાળ પાસે રહેતા વ્યકિતએ પત્ની સાથે સામાન્ય બાબતે બોલાચાલી થતાં મહિલા ઘર માંથી ક્યાંક ચાલ્યા જઈને ગુમ થતાં બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા લીલેસરા રોડ તળાવની પાળ પાસે રહેતા આરીફ અહેમદ હુસેન ટીલડીને તેમની પત્ની શમીના સાથે ઘરમાં બન્ને વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. ત્યારે શમીના ઘરેથી કોઈને કહ્યા વગર નિકળી જઈને ગુમ થતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરાના મીઠાલી ગામે ટ્રેકટર માંથી પડી જતાં ગંભીર ઈજાઓ થતાં વ્યકિતનું મોત

શહેરા,
શહેરા તાલુકાના મીઠાલી ગામે ટ્રેકટર ચાલકે અચાનક બ્રેક મારતાં ટ્રેક્ટરમાં સાથે બેઠેલ વ્યકિત ટ્રેકટર ઉપર થી પડી જતાં ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના મીઠાલી ગામે ટ્રેકટર નંબર જીજે.૩૫.બી.૪૯૩૨ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે ચલાવતા હોય દરમિયાન ટ્રેકટર આગળ કુતરું આવી જતાં ચાલકે અચાનક બ્રેક મારી હતી. જેને લઈ ટ્રેકટરમાં સાથે બેઠેલ ખેંગારભાઈ પૂજાભાઈ વણકર ટ્રેકટર માંથી નીચે પડી જતાં શરીરે ગંભીર ઈજાઓ થતાં દવા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નિપજાતા આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના તાજપુરા ગામે ઈલેકટ્રીક વાયરનો ઘરમાં કરંટ લાગતાં ૩૦ વર્ષીય યુવાનનું મોત

હાલોલ,
હાલોલ તાલુકાના તાજપુર ગામે ઘરમાં બાથરૂમમાં ટાઈલ્સ બેસાડવાનું કામ ચાલતું હોય દરમિયાન યુવાનને ઈલેક્ટ્રીક લાઈટના વાયર પગે ચડી જતાં કરંટ લાગવાથી મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના તાજપુર ગામે આશ્રમ ફળીયામાં રહેતા જીગ્નેશ નટવરસિંહ સોલંકી ઉ.વ.૩૦ના ઘરમાં સંડાસ–બાથરૂમનું કામ ચાલતું હોય દરમિયાન ઈલેકટ્રીક લાઈટના આધારે ડાબો પગ અડી જતાં આંગળીઓ ઉપર લાઈટનો કરંટ લાગતાં જીગ્નેશ સોલંકીનું મોત નિપજાવા પામ્યું. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

**ઓનલાઈન ટેન્ડરીંગ**
**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**“ઈ” પ્રોક્યોરમેન્ટ નોટીસ નં.૦૯ સને ૨૦૨૨-૨૩**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા–૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં.(૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ૧ કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂા.૪૪.૧૦ લાખ છે. ઓનલાઈન ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ http://nwr.nprocure.com પર તા.૨૭/૧૦/૨૦૨૨, ૧૮–૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. જ્યારે કામના ઓનલાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૨૭/૧૦/૨૦૨૨ થી તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ સાંજના ૧૮–૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી.થી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોકત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/ગોધરા/૬૨૮/૨૦૨૨



હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર બારેલા પ્રા.આ.કે.ચુથાના મુવાડા ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તાલુકા હેલ્થ ઓફીસર ડો.વિજય ડામોર તેમજ ઈ.એમ.ઓ. ડો.એન.એસ ગોસાઈ અને સિવિલ હોસ્પિટલ અધિક્ષક ડો.જે.કે. પટેલ દ્વારા શુભેચ્છક મુલાકાત કરી. બ્લડ ડોનરોનો આભાર વ્યકત કરવામાં આવ્યો અને બ્લડ ડોનેશનના લાભો વિશે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી. કેમ્પ દરમ્યાન ૫૧ બ્લડ યુનિટનું કલેકશન કરવામાં આવ્યું.

## ગોધરાના સાથરીયા બજારની દુકાનમાં
## સરકારી કચેરી ગેરીના બનાવટી સિકકા રાખવાના ગુનામાં પકડાયેલ આરોપીના રેગ્યુલેર જામીન અરજી ના મંજુર કરતી કોર્ટ

ગોધરા,
ગોધરા સાથરીયા બજારમાં આવેલ દુકાનમાં કેટલાક ગર્વમેન્ટના કોન્ટ્રાકટો સિકકાઓની ખોટી રીતે દુરઉપયોગ કરે છે. તેવી બાતમીના આધારે દુકાનમાં તપાસ કરતાં ૩૧ રાઉન્ડ સિકકાઓ, દસ્તાવેજી કાગળો અને લેપટોપ સાથે આરોપી અકીલ ઓનભાઈ અડાદરવાલાની ધરપકડ કરવામાં આવી હતી. તે આરોપીએ સેશન્સ કોર્ટમાં મુકેલ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવી.

ગોધરા વ્હોરવાડ વ્હોરા કોટેજમાં અકીલ ઓનલાભાઈ અડાદરવાલા પોતાની સાથરીયા બજારમાં આવેલ દુકાનમાં ગુજરાત રાજયમાં વડોદરા, ગોધરા, ગાંધીનગર, ભરૂચ, સુરત, પાલનપુર, બોટાદ, કચ્છ, ભચાઉની ગેરી કચેરીના અધિકારીઓના હોદ્દાઓના સિકકા તેમજ તથા સત્યમેવ જયતે લખેલ રાઉન્ડ સિકકા રાખીને કેટલાક ગર્વમેન્ટ કોન્ટ્રાકટરો સિકકાના ઉપયોગ કરતા હોય તેની તપાસ હાથ ધરીને સાથરીયા બજારમાં અકીલ અડાદરવાલાની દુકાન માંથી ૩૧ સિકકા અલગ–અલગ ડીર્પાટમેન્ટના લખાણ લખેલ દસ્તાવેજી કાગળો–૬૨૧ તેમજ લેપટોપ–૧, પ્રિન્ટર ઝડપી પાડવામાં આવ્યા હતા અને આરોપી અકીલ ઓનભાઈ અડાદરવાલાની પોલીસે ધરપકડ કરી હતી અને આ ગુનામાં જેલમાં ધડેલાયેલ આરોપીએ ગોધરા સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ હતી. આ જામીન અરજીની સુનાવણી હાથ ધરતા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર દ્વારા આરોપી વિરૂદ્ધ દસ્તાવેજી પુરાવા સાથે ધારદાર રજુઆત કરતાં આરોપીની રેગ્યુલર જામીન અરજી કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવી.



ગોધરા સરકારી પોલીટિકનીક કોલેજ ખાતે સ્વચ્છતા કાર્યક્રમ યોજયો